RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 67* Date: 02.01.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વિશ્વની સારામાં સારી ટેક્નોલોજીથી ગરીબો માટે ઘર બનશે: મોદી

# વડાપ્રધાને છ રાજ્યમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો



ન્યુ દિલ્હી,તા.૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે છ રાજયોમાં લાઈટ હાઉસ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો છે. વડા પ્રધાન મોદી ગ્લોબલ હાઉસિંગ ટેક્નોલોજી ચેલેન્જ ઈન્ડિયા હેઠળ છ રાજયોમાં આ કાર્યક્રમોની આધારશિલા રાખી છે. આ પ્રોજેક્ટ હેઠળ રાજકોટમાં ૧૧૪૪ આવાસ બનશે. કેન્દ્ર સરકારે હાઉસિંગ ફોર ઓલ બાય ૨૦૨૨ મિશન હાથ ધર્યું છે.

આ આવાસોનું નિર્માણ કેન્દ્ર સરકારના લાઈટ હાઉસ પ્રોજેક્ટ અંતર્ગત કરવામાં આવશે. આ પ્રસંગે વડા પ્રધાને પ્રધાનમંત્રી આવાસ યોજનાના શ્રેષ્ઠતમ અમલીકરણ માટે ગુજરાતને ત્રાણ એવોર્ડ પણ એનાયત કર્યા છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાન વિજય રૂપાણી રાજકોટમાં ઉપસ્થિત રહ્યા હતા.

તેમણે કહ્યું કે આપણા દેશને સારી ટેક્નોલોજી, સારા ઘર કેમ ન મળે, ઘર ઝડપથી શાં માટે ન બને, તેની પર કામ કર્યું. ઘર સારામાં સારા બને તે માટે ગ્લોબલ ટેક્નોલોજી ચેલેન્જનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં વિશ્વની ૫૦ કન્સ્ટ્રક્શન કંપનીઓએ ભાગ લીધો. તેનાથી અમને નવો સ્કોપ મળ્યો. પ્રક્રિયાના આગળના તબક્કમાં અલગ-અલગ સાઈટ્સમાં ૬ લાઈટ હાઉસ પ્રોજેક્ટનું કામ શરૂ થયું છે. તેમાં કન્સ્ટ્રક્શનનું કામ ઓછું થશે અને ગરીબોને અફોર્ડેબલ અને કમ્ફોર્ટેબલ ઘર મળશે.

આ દરમિયાન નવી વર્ષની શુભેચ્છા પાઠવતા તેમણે કહ્યું કે આજે નવી ઉર્જા, નવા સંકલ્પો અને તેને સિદ્ધિ કરવા માટે ઝડપી ગતિથી આગળ વધવાનો શુભારંભ છે. ગરીબ, મધ્યમ વર્ગ માટે લાઈટ હાઉસ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે. તે પ્રકાશ સ્તંભની જેમ છે, જે હાઉસિંગને નવી દિશા દેખાડશે. દરેક રાજયોનું તેમાં જોડાવવું તે કોઓપરેટિવ ફેડરલિઝમની ભાવનાઓને મજબૂત કરી રહ્યું છે. તે કામ કરવાની રીતોનું ઉતમ ઉદાહરણ છે. એક સમયે રહેઠાણ યોજનાઓ કેન્દ્રની પ્રાથમિકતામાં ન હતી. સરકાર ઘર નિર્માણની બારીકાઈ અને ક્વોલિટીમાં જતી ન હતી. આજે દેશમાં એક અલગ માર્ગ અપનાવવામાં આવ્યો છે, નવો એપ્રોચ શોધ્યો છે.

પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે થોડા વર્ષોમાં પહેલાં સુધી ઘર ખરીદનારાઓની સ્થિતિ ખરાબ હતી. ઘરના ઘરના સપનાને સાકાર કરવું મુશ્કેલ કામ હતું. પૈસા આપવા છતાં મકાન મળતા ન હતા. મકાન ખરીદનાર પૈસા ચૂકવી દેતો હતો અને ઘર મળવાની રાહ જોતો હતો.

લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે જે રાજયોની પસંદગી કરવામાં આવી છે, તેમાં ત્રિપુરા, ઉતર પ્રદેશ, મધ્ય પ્રદેશ, તમિલનાડુ, આંધ્ર પ્રદેશ ઝારખંડ અને ગુજરાત છે. લાઈટ હાઉસ પ્રોજેક્ટ કેન્દ્રીય શહેર મંત્રાલયની મહત્ત્વાકાંક્ષી યોજના છે.

આ પ્રોજેક્ટ હેઠળ સરકાર ગરીબ લોકોને સસ્તા, ભૂકંપપ્રૂફ અને મજબૂત મકાનો આપશે. આ ઘર ફ્રાન્સની ટેકનોલોજીથી બનશે જેના દ્વારા ઘર ઓછા સમયમાં બનશે અને લાંબા સમય સુધી ટકાવી શકાય એવા હશે. આવી જ રીતે ફિનલેન્ડ, અમેરિકા, ન્યુ ઝીલેન્ડ, જર્મની, કેનેડાની ટેકનોલોજીથી ઘર બનશે. એમ તેમણે કહ્યું હતું. કેન્દ્ર સરકાર રાજકોટ મનપાને પ્રતિ આવાસ રૂ.૧.૫૦ લાખ અને રાજય સરકારે પ્રતિ આવાસ ૧.૫૦ લાખ રૂપિયાની ગ્રાન્ટ આપશે. આ ઉપરાંત ટેક્નોલોજીના ઉપયોગ માટે ૪ લાખ રૂપિયા કેન્દ્ર સરકાર આપશે. રાજકોટમાં લાભાર્થીઓને રૂ. ૩.૫૦ લાખમાં ટૂ બીએચકેનો ફ્લેટ તો આપશે, સાથે ફર્નિચર પણ કરી આપવામાં આવશે. મનપા રૂ. ૧૧૮ કરોડના ખર્ચે ઇડબલ્યુએસ-૨ પ્રકારના ૧૧૪૪ આવાસ બનાવશે.

### આજથી સમગ્ર દેશમાં વેક્સીનનો ડ્રાઈ રન શરુ થશે

# કોરોના વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઇમરજન્સી ઉપયોગની મંજૂરી

### ડ્રગ કંટ્રોલર ઓફ ઇન્ડિયા દ્વારા બનાવેલ વિશેષ પેનલે આ વિશે નિર્ણય કર્યો

ન્યુ દિલ્હી,તા.૧

નવા વર્ષની શરૂઆત સાથે જ સવાસો કરોડ ભારતીયોને મોટી ભેટ મળી છે. કોરોના વેક્સીનને લઈને આજે નિષ્ણાંતોની બનેલી એક ટીમે કોરોનાની પહેલી જ વેક્સીનની મંજુરી આપી દીધી છે. દેશમાં જ બનેલી સીરમ ઈન્સ્ટિટ્યૂટની કોવિશીલ્ડને ઈમરજન્સી ઉપયોગ માટે મંજુરી આપી દેવામાં આવી છે. આવતી કાલે એટલે કે ૨ જાન્યુઆરીના રોજ સમગ્ર દેશમાં વેક્સીન ડ્રાઈ રન કરવામાં આવેલ છે.

જોકે સરકારના ટોચના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા પ્રમાણે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની કોવિશીલ્ડને સબ્જેક્ટ એક્સપર્ટની કમિટી દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. પરંતુ આ મામલે અંતિમ નિર્ણય DCGI દ્વારા અંતિમ નિર્ણય લેવાનો હજી બાકી છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ બેઠકમાં અમેરિકાની ફાઈઝર, ભારત બાયોટેક અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ એમ ત્રાણેય ફાર્મા કંપનીઓએ એક પછી એક પોતાનું પ્રેઝંટેશન આપ્યું હતું. આ બેઠકમાં ગુજરાતની ડાયડસ કેડિલા પણ શામેલ થઈ હતી. સીરમ ઈન્સ્ટિટ્યૂટનું પ્રેઝંટેશન એકદમ સટીક રહ્યું હતું. આ સાથે જ સીરમની કોરોનાની વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઈમરજન્સી ઉપયોગની મંજુરી આપી દેવામાં આવી છે.

જોકે સીરમ બાદ હૈદરાબાદ ખાતે આવેલી ભારત બાયોટેક ફાર્મા કંપની દ્વારા કોરોના વેક્સીનનું પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. અંતમાં અમેરિકાની દિગ્ગજ ફાર્મા કંપની ફાઈઝરનું પ્રેઝન્ટેશન રહેશે.




જાહેર છે કે, અત્યાર સુધીમાં કોરોનાની રસી માટેની બે બેઠકો થઈ ચુકી છે. આ બેઠકોમાં વેક્સીન કંપનીઓ પાસેથી વધારે પ્રમાણમાં ડેટાની માંગણી કરવામાં આવી હતી. આજે યોજાયેલી સબ્જેક્ટ કમિટીની બીજી બેઠકમાં આખરે સીરમ ઈન્સ્ટિટ્યૂટની વેક્સીન કોવિશીલ્ડને ભારતમાં ઈમરજન્સી ઉપયોગની મંજુરી આપી દેવામાં આવી હતી. આમ કોવિશીલ્ડ ભારતની પહેલી કોરોના રસી બની ગઈ છે જેને ઉપયોગ માટે મંજુરી આપવામાં આવી છે.

ભારતમાં ખુણે ખુણે સુધી કોરોનાની વેક્સીનને પહોંચાડવાની બ્લ્યૂ પ્રિંટ મોદી સરકાર દ્વારા તૈયાર કરી લેવામાં આવી છે. આવતી કાલથી દેશભરમાં સૌથી મોટું વેક્સીનેશન અભિયાન ચલાવવામાં આવશે. આવતી કાલથી ભારતમાં ડ્રાઈ રનની શરૂઆત થવા જઈ રહી છે. ભારત સરકારનું આ મેગા અભિયાન દુનિયા આખીને ચોંકાવશે તેમ માનવામાં આવે છે.

# WHO એ ફાઈઝર અને બાયોનેટકની કોરોના રસીના તત્કાળ ઉપયોગને મંજૂરી આપી

જિનિવા,તા.૧

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન દ્વારા ફાઇઝર અને બાયોનેટકની કોરોના વાયરસ રસીના ઇમરજન્સી ઉપયોગની મંજૂરી આપી દીધી છે. મંજૂરી આપ્યા બાદ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ જણાવ્યું હતું કે તે વિશ્વભરમાં આવેલ તેમના પ્રાદેશિક કાર્યાલયો દ્વારા રસીના ફાયદાઓ વિશે ત્યાંના દેશો સાથે વાત કરશે. સંયુક્ત રાષ્ટ્રની આ સંસ્થાની મંજૂરી મળ્યા બાદ હવે વિશ્વભરના દેશોમાં ફાઇઝરની કોરોના રસીના ઉપયોગ માટે માર્ગ ખોલવામાં આવ્યો છે. તો ભારત કોરોના વાયરસ રસીના ઇમરજન્સી ઉપયોગ અંગે પણ મોટો નિર્ણય લેશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ફાઈઝરની કોરોના વેક્સીનને મંજૂરી પૂરી કરી અને વિસ્તૃત તપાસ બાદ કરશે. સંગઠને ગરીબ દેશો સુધી કોરોના વેક્સીનના ઝડપથી પહોંચવા માટે ઇમરજન્સી યુઝ લિસ્ટિંગ પ્રોસેસને પણ શરૂ કરી દીધી છે. આ યાદીમાં સામેલ થયા બાદ કોઈપણ કોરોના વેક્સીનને દુનિયાભરના દેશોમાં સરળતાથી ઇમરજન્સી ઉપયોગની મંજૂરી મળી જશે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનએ ફાઈઝર રસીની સમીક્ષા કર્યા પછી કહ્યું કે તેને સલામતી અને અસરકારકતાના માપદંડને પૂર્ણ કરવા જરૂરી છે. આ રસીના બે ડોઝ લીધા પછી કોરોનાથી મૃત્યુની સંભાવના પણ ઓછી થઇ જાય છે. સંગઠને એમ પણ કહ્યું કે અમે આ રસીને વહેલી મંજુરી આપી દીધી છે કારણ કે તેના ડોઝને બધા લોકો સુધી પહોંચવામાં કોઈ વિલંબ ના થાય.

મેડિસિન પ્રોગ્રામના એક્સેસના વડા મરિયાંગેલા સિમાઓએ કહ્યું કે, કોવિડ -૧૯ રસી માટે વૈશ્વિક વપરાશ સુનિશ્ચિત કરવા માટે આ એક સકારાત્મક પગલું છે. પરંતુ હું સર્વત્ર વસતીની પ્રાથમિકતાની જરૂરિયાતોને પહોંચી વળવા પૂરતા પ્રમાણમાં રસી પુરવઠો જાળવવા માટે હજી પણ મોટા વૈશ્વિક પ્રયત્નોની જરૂર પર ભાર મૂકવા માંગુ છું.

ફાઇઝરની કોરોના રસીને પહેલાં બ્રિટને ઇમરજન્સી ઉપયોગની મંજૂરી આપી હતી. ત્યારબાદ અમેરિકાએ પણ આ રસીને મંજૂરી આપી દીધી હતી. ત્યારબાદ યુરોપિયન યુનિયન, ઇઝરાયલ, સાઉદી અરેબિયા સહિત વિશ્વના ઘણા દેશોએ રસીના ઇમરજન્સી ઉપયોગને મંજૂરી આપી દીધી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૭૩૪**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૪૫૭૭૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૦૩**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૦૭**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૩૧૯૦૦**

# અર્થતંત્ર પાટે ચડ્યું: ડિસેમ્બરમાં જીએસટી કલેક્શન રેકોર્ડબ્રેક રૂ.૧.૧૫ લાખ કરોડને પાર




ન્યુ દિલ્હી,તા.૧

૨૦૨૧ના નવા વર્ષે ભારતીય અર્થતંત્ર માટે સારા સમાચાર આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ક્લેક્શન રૂ.૧.૧૫ લાખ કરોડ નોંધાયુ છે જે અત્યાર સુધીનું રેકોર્ડ બ્રેક ક્લેક્શન છે.

નાણાં મંત્રાલયના આંકડા મુજબ ડિસેમ્બર ૨૦૨૦માં GST પેટે કુલ રૂ. ૧,૧૫,૧૭૪ કરોડની વસૂલાત કરવામાં આવી છે જે વાર્ષિક તુલનાએ GST ક્લેક્શનમાં ૧૨ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ગત મહિને ગુડ્સની આયાતથી રેવન્યૂ ૨૭ ટકા અને ઘરઆંગણે માલસામાનના ટ્રાન્સપોર્ટથી થતી આવકમાં ૮ ટકાની વૃદ્ધિ થઇ છે.

ભારતમાં જુલાઇ ૨૦૧૭મા નવી કરપ્રણાલી જીએસટીના અમલીકરણ બાદ પ્રથમવાર ડિસેમ્બર ૨૦૨૦માં રૂ. ૧.૧૫ લાખ કરોડથી વધુ વિક્રમજનક જીએસટી ક્લેક્શન નોંધાયુ છે. તેની પહેલા સૌથી વધુ જીએસટી ક્લેક્શન એપ્રિલ ૨૦૧૯માં ૧,૧૩,૮૬૬ કરોડ નોંધાયુ હતુ.

ડિસેમ્બર ૨૦૨૦માં થયેલ વિક્રમજનક રૂ.૧,૧૫,૧૭૪ કરોડના જીએસટી ક્લેક્શનમાં સેન્ટ્રેલ જીએસટી પેટે રૂ. ૨૧,૩૬૫ કરોડ, સ્ટેટ જીએસટી પેટે રૂ. ૨૭,૮૦૪ કરોડ અને આઇજીએસટી પેટે રૂ. ૫૭,૪૨૬ કરોડ (જેમાં ગુડ્સની આયાત પેટે રૂ. ૨૭,૦૫૦ કરોડ) અને સેશ પેટે રૂ. ૮૫૭૯ કરોડ (જેમાં ગુડ્સની આયાત પેટે રૂ. ૯૭૧ કરોડ)ની આવક થઇ છે.

૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી નવેમ્બર મહિના માટે નોંધાયેલા GSTR-3B રિટર્નની કુલ સંખ્યા ૮૭ લાખ છે. સરકારે સીજીએસટી હેઠળ રૂ. ૨૩,૨૭૬ કરોડ અને આઈજીએસટી હેઠળ એસજીએસટીને રૂ. ૧૭,૬૮૧ કરોડની નિયમિત પતાવટ કરી છે. ડિસેમ્બર ૨૦૨૦ના મહિનામાં નિયમિત પતાવટ બાદ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દ્વારા મેળવેલી કુલ આવક સીજીએસટી પેટે રૂ. ૪૪,૬૪૧ કરોડ અને એસજીએસટી પેટે ૪૫,૪૮૫ કરોડ રૂપિયા છે.

# નવા વર્ષના પ્રથમ દિવસે જ રાંધણ ગેસની કિંમતમાં ૧૭ રૂપિયાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૧

ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ નવા વર્ષના પહેલા દિવસે જ ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. કંપનીઓએ ડિસેમ્બર મહિનામાં રાંધણ ગેસ એટલે કે એલપીજી સિલિન્ડરના ભાવમાં બે વખત વધારો કરી ૧૦૦ રૂપિયા ભાવ વધી ગયો છે. સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના એલપીજી સિલિન્ડરનો ભાવ ૬૪૪ રૂપિયાથી વધીને ૬૯૪ રૂપિયા થઈ ગયો છે. જોકે, સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામ સિલિન્ડરના ભાવમાં કોઈ વધારો નહોતો કરવામાં આવ્યો. આ વધારો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં કરવામાં આવ્યો છે. છેલ્લા એક મહિનામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૯૧ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવેમ્બર મહિનામાં ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ગ્રાહકોને ૧૨૯૦ રૂપિયામાં મળી રહ્યો હતો. જે એક ડિસેમ્બરથી કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૯૧ રૂપિયા વધી ગયો અને સિલિન્ડરના ભાવ ૧૩૮૧.૫૦ રૂપિયા થઈ ગયો. રાજધાની દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૭ રૂપિયા સુધી વધારો કરવામાં આવ્યો. ભાવ વધવાથી ૧,૩૩૨ રૂપિયાવાળો સિલિન્ડર ૧,૩૪૯ રૂપિયા થઈ ગયો . બીજી તરફ કોલકાતામાં ૧૯ કિલો ગ્રામવાળા એલપીજી રાંધણ ગેસ સિલિન્ડરની કિંમત ૧,૩૮૭.૫૦ રૂપિયાથી વધારીને ૧,૪૧૦ રૂપિયા પર આવી ગઈ છે. અહીં કિંમતોમાં ૨૨.૫૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરનો વધારો થયો છે.

## તંત્રી સ્થાનેથી...

# નવા કૃષિ કાયદા પરત ખેંચવાથી કોને નુકસાન.....?

દેશભરમાં નવા વર્ષની ઉજવણી તદ્દન ફીકી બની રહી જો કે ગોવામાં ભારે ધૂમધામથી નવુ ૨૦૨૧ ના વર્ષની ઉજવણી થઈ જેમાં હજારો લોકો દરિયા કાંઠે ઉમટી પડ્યા હતા. અન્ય રાજ્યોમાં કોરોના નિયમોની અમલવારી અને મર્યાદિત કર્ફ્યુ સમયને લઈને નવુ વર્ષ શરૂ થવાની ખુશી ફીકી બની રહી... મોટાભાગના લોકોએ પોતાના ઘરોમાં રહીને નવા વર્ષની ઉજવણી કરી આવકાર્યું...લાઈટોનો ઝગમગાટ કે અન્ય શણગારનો ભભકો ક્યાંય દેખાતો ન હતો.... પરંતુ કડકડતી ઠંડીમાં દેશભરમાં પોલીસ તંત્રને ખડે પગે ફરજ બજાવવી પડી હતી. જો કે લોકોમાં નવા રૂપના કોરોના સ્ટ્રેનનો ડર ફરી વળ્યો હતો. કોરોનાની ચપેટમા આવી ન જવાય તેને લઈને લોકો મોટી કે ભારે ઉજવણીથી દૂર રહ્યા હતા. ૨૦૨૦ ના વર્ષમાં આમ પ્રજાએ જે કોઈ મુશ્કેલીઓમાથી પસાર થવું પડયું છે તેને લોકો ભૂલી શકે તેમ નથી.અનેક નાસમજુ લોકો માસ્ક પહેરવાથી દૂર રહેતા કરોડો રૂપિયા દંડ ભર્યો છે.... છતાં આજે પણ અનેક અબુધ લોકો માસ્ક પહેરવાથી દૂર રહે છે.....! વિતેલા વર્ષના અંત સુધીમાં દેશમાં કોરોના ના કુલ કેસો ૧.૦૨ કરોડ નોંધાયા હતા અને ૧.૪૮ લાખ લોકોના મૃત્યુ થયા હતા જ્યારે કે કોરોના રસી શોધાઈ ન હતી કે શોધ થયા બાદ તેનો ઉપયોગ ન કરવા છતાં દેશભરમાં ૯૮.૮૧ લાખ લોકો સાજા થઈ ગયા તેમા વિશ્વભરમાં ભારત પ્રથમ ક્રમે છે. બીજી તરફ કરોના નાથવાની અનેક રસી શોધાઈ ગઈ છે તેમાં કેટલીક ટ્રાયલ બેજ પર આપવામાં આવતા સફળ રહી હોવાનું દેખાય આવે છે..... પરંતુ કોઈપણ વેક્સિન ઉત્પાદકો અને સંશોધન કરતા દાવો નથી કરતા કે અમારી વેક્સિન ૧૦૦% સફળ છે... અને તેનું કારણ છે આજ સુધીમાં પોલીયો, ફ્લ્યૂ, શિતળા સહિતના અનેક રોગોની દવા શોધાઇ તેમા માત્ર ૧૦૦ ટકા સફળતા શિતળાની રહીનેજ મળી છે.... બાકી કોઈ પણ રસીને સો ટકા સફળતા મળી નથી મતલબ ૯૦-૯૫% કહી શકાય....!

દેશમાં નવા કૃષિ કાનુન રદ કરવા ખેડૂતોનુ આંદોલન દિલ્લી રાજ્યની બોર્ડર પર કડકડતી હાડ થીજાવતી ઠંડી છતાં જોરદાર રીતે ચાલી રહ્યું છે. અને તે દેશના વિવિધ રાજ્યોમાં પણ અસર કરતા થઈ ગયું છે. તેમાં તાજેતરમાં કેરલ રાજ્ય સરકારે કૃષિ બિલના વિરોધમાં ઠરાવ પસાર કર્યો જેમાં ભાજપના ધારાસભ્યએ પણ ટેકો આપતા કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો છે. તો બે દિવસ પહેલા કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહે આંદોલનકારી ખેડૂત નેતાઓને ખાલિસ્તાની, અર્બન નક્સલવાદી કહેતા ભાજપ નેતાઓને જાહેરમાં જ ઝાટકી નાખ્યા હતા અને ખેડૂતોને અન્નદાતા ગણાવી ભાજપ નેતાઓની બોલતી બંધ કરી દીધી હતી. બીજી તરફ ખેડૂતો સાથે કેન્દ્રીય મંત્રીઓએ છટ્ઠીવાર બેઠક લીધી જેમાં નહીંવત પ્રગતિ થઈ છે માત્ર બે મુદ્દા પર... પરંતુ ખેડૂતો એક વાત પર મક્કમ છે કે નવા કૃષિ કાનુન પરત ખેંચી લેવા અને એમએસપી કાનૂન બનાવવા પર. જ્યારે આંદોલન કરતાં ખેડૂતોનું કહેવું છે કે મોદી સરકાર કાનુન પરત નહીં ખેંચાય તેમ કહે છે તેમજ નુકશાન થશે...ત્યારે સવાલ એ છે કે કૃષિ કાનુન પરત ખેંચવાથી નુકસાન કોને થશે...? અને નવા કૃષિ કાનુનથી કેવા નુકસાન થશે...? તો એવું પણ ખેડૂતો કહે છે કે અંબાણી- અદાણી સિવાય કોને નુકસાન થશે....? કદાચ બાબા રામદેવને નુકસાન થઇ શકે....! કૃષિ કાનુન પરત ખેંચવાથી ભારતને કે તેના હિતોને નુકસાન થશે.....? તેનો જવાબ મોદીજીને આપવા દો. આ વડાઈ અમારા અસ્તિત્વની છે- ખેડૂતોના આને તેની ખેતીના અસ્તિત્વની છે. માત્ર એમએસપી માટેની નથી. દરમિયાન અન્ના હજારે અનશન પર બેસવાની તૈયારી કરી લીધી છે તો દેશ ભરમાંથી વિવિધ મજૂર સંગઠનો-યુનિયનો, કર્મચારી મંડળો, સંસ્થાઓ ખેડૂતોના સમર્થનમા આવ્યા છે અને આવી રહ્યા છે.જે બાબત સરકાર માટે ભારે ચિન્તા નો વિષય બની રહેવાની સંભાવના વધી પડી છે....!!

# ચીનમાં નવા કોરોના વાયરસ સ્ટ્રેનનો પહેલો કેસ સામે આવતા હડકંપ

બેઈજિંગ,તા.૧

ચીનમાં નવા કોરોના વાઈરસ સ્ટ્રેનનો પહેલો કેસ જોવા મળ્યો હોવાના અહેવાલે ખળભળાટ મચાવી દીધો હતો.

૨૦૨૦ના આરંભે પહેલીવાર કોરોના વાઈરસ ફેલાયો ત્યારે ચીનના વુહાન પ્રાંતમાંથી બહાર આવ્યો હતો. ચીને જો કે પોતાને ત્યાં આવું કશું બન્યું હોવાનો ઈનકાર કર્યો હતો પરંતુ ખુદ ચીનના નિષ્ણાત ડૉક્ટરે ભાંડો ફોડી નાખ્યો હતો અને પાછળથી એ ડૉક્ટર શંકાસ્પદ સ્થિતિમાં મૃત્યુ પામ્યા હતા.

જો કે કોરોના વાઈરસનો નવો સ્ટ્રેન સૌ પ્રથમ બ્રિટનમાં જોવા મળ્યો હતો. એના પગલે ત્યાં વિજ્ઞાનીઓ અને ડૉક્ટરોમાં ખળભળાટ થઈ ગયો હતો. હજુ તો ૨૨૦૨૦ના જૂન વાઈરસ કાબુમાં આવ્યા નથી. ઠેર ઠેર રસીકરણ શરૂ થયું હતું ત્યારે નવા વાઈરસ સ્ટ્રેન આવી પડતાં સ્વાભાવિક રીતેજ આખી દુનિયામાં સનસનાટી ફેલાઈ ગઈ હતી.

આ સપ્તાહે બ્રિટનથી ભારત આવેલા વીસેક જણમાં પણ નવા કોરોના વાઈરસ સ્ટ્રેન જોવા મળ્યા હતા. જો કે કોરોનાની રસી બનાવનારી કંપનીઓએ એવો દાવો કર્યો હતો કે કોરોના માટે તૈયાર કરાયેલી રસી નાવા સ્ટ્રેન પર પણ અસર કરશે.

બ્રિટનમાં તો ડિસેંબરની છેલ્લી તારીખથી કડક લૉકડાઉન લાદવામાં આવ્યો હતો. ખુદ બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જહૉન્સને એવો દાવો કર્યો હતો કે અગાઉ કદી જોવા ન મળ્યો હોય એવો લૉકડાઉન બ્રિટનના ૭૫ ટકા વિસ્તારોમાં લાદી દેવામાં આવ્યો હતો.

દરમિયાન, ચીને ગુરૂવારે એવો દાવો કર્યો હતો કે અમારી એક કંપની સિનોફાર્મે કોરોનાની અકસીર રસી શોધી કાઢી હતી અને બીજિંગ ઈન્સ્ટીટ્યુટ ઑફ બાયોલોજિકલ પ્રોડક્ટ્સ દ્વારા એ રસી લોકોને આપવામાં આવશે. જો કે નવા કોરોના વાઈરસ સ્ટ્રેન અંગે ચીને કોઈ પ્રતિભાવ કે વિગતો જાહેર કરી નહોતી. ચીનમાં આવો પહેલો કેસ બહાર આવ્યાનું રોઈટરના એક અહેવાલમાં જણાવાયું હતું. પોતાને આ માહિતી ક્યાંથી મળી એ રોઈટરે જાહેર કર્યું નહોતું.

# નવા વર્ષના પહેલા દિવસે કેરળ, અસામ, કર્ણાટકમાં શાળાઓ ખોલવામાં આવી

*બેંગ્લુરૂ/કોચ્ચિ,તા.૧*

કોરોના મહામારીને લીધે માર્ચ મહિનાથી બંધ પડેલી શાળાઓ હવે ધીમે-ધીમે ખુલવા લાગી છે. આ હેઠળ નવા વર્ષના પહેલા દિવસે કર્ણાટક, કેરળ અને અસામ રાજ્યોએ પણ શાળાઓ ખોલવાનો મહત્વનો નિર્ણય લીધો છે. કારણ કે, દેશમાં હજુ પણ કોરોના સંક્રમણના કેસો સામે આવી રહ્યા છે અને બ્રિટન, દક્ષિણ આફ્રિકામાં જોવા મળેલા કોરોના વાયરસના નવા પ્રકારના સંક્રમણના કેસો ભારતમાં પણ આવી ચૂક્યા છે. જોકે રાજ્ય સરકારો શાળામાં કોવિડ-૧૯ ગાઈડલાઈનના પાલન પર ખાસ જોર આપી રહી છે.

આ પહેલા ઉત્તર પ્રદેશ, પંજાબ, મધ્ય પ્રદેશ, આંધ્ર પ્રદેશ, સિક્કિમમાં શાળાઓ આંશિક રીતે ખોલવામાં આવી હતી. બિહાર સરકારે પણ જાહેરાત કરી હતી કે, ૯થી ૧૨ ધોરણ માટે રાજ્યની શાળાઓને ૪ જાન્યુઆરીથી ખોલવામાં આવશે. દેશના ઘણા રાજ્યો બંધ પડેલી શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાનોને ખોલવા પર વિચારણા કરી રહ્યા છે, પરંતુ વર્તમાન સમયમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનનો ભય પ્રસરી રહ્યો છે.

મુંબઈમાં કોરોના વાયરસવા નવા પ્રકારને મુદ્દે ૧૫ જાન્યુઆરી સુધી શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવાયો હતો. અહીં લોકડાઉન સમયથી જ શાળાઓ બંધ પડી છે અને ઓનલાઈન ક્લાસની સુવિધાથી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. કોરોના મહામારીને લીધે દુનિયાભરના દેશોમાં શિક્ષણ ક્ષેત્રે આ સ્થિતિ પેદા થઈ છે. એવામાં કેટલાક દેશોમાં શાળા ખોલવાના નિર્ણય લેવાયા હતા, પરંતુ બાળકોમાં કોરોના સંક્રમણ ફેલાતા શાળાઓ ફરીવાર બંધ કરવાની ફરજ પડી હતી. ભારતમાં પણ આ સ્થિતિ જ છે, કારણ કે નવા સ્ટ્રેનના કેસ ભારતમાં પ્રવેશી ચૂક્યા છે. બીજી તરફ વિદ્યાર્થીના પરિવારજનો પણ આ મુદ્દે ઓનલાઈન ક્લાસિસને વધુ મહત્વ આપી રહ્યા છે.

## અમેરિકા રાષ્ટ્રપતિ ટ્રમ્પનો નવા વર્ષે જ ભારતને ઝટકો આપ્યો

# H1-B સહિતના વર્ક વીઝા પર પ્રતિબંધ ૩૧ માર્ચ સુધી લંબાવ્યો

## કોરોનાવાયરસ મહામારીના લીધે વર્ક વિઝા ઈશ્યુને ત્રણ મહિના માટે સ્થગિત કરી દીધા, ટ્રમ્પના આ નિર્ણયથી હજારો લોકોને એની પ્રતિકૂળ અસર થશે






*વૉશિંગ્ટન,તા.૧*

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ નવા વર્ષ ૨૦૨૧ના રોજ ઈમિગ્રન્ટ વર્કર્સને ઝાટકો આપતા ત્રણ મહિના માટે અગાઉ લાગૂ કરેલા વર્ક વિઝા પર પ્રતિબંધ લંબાવી દીધો છે. હવે આ પ્રતિબંધ ૩૧ માર્ચ ૨૦૨૧ સુધી અમલમાં રહેશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે ગુરુવારના રોજ એ આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા જેમાં કોરોનાવાયરસ મહામારીના લીધે વર્ક વિઝા ઈશ્યુને ત્રણ મહિના માટે સ્થગિત કરી દીધા છે.

ટ્રમ્પે જાહેરાત કરતાં લખ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સના અમેરિકાના શ્રમ બજાર અને અમેરિકન સમુદાયોના સ્વાસ્થ્ય પર કોવિડ-૧૯ની અસર હાલ રાષ્ટ્રીય સ્તરે ચાલુ છે.'' ઘોષણા પત્રમાં બેરોજગારીનો દર, રાજ્યો દ્વારા આપવામાં આવતા વ્યવસાયો પર મહામારી સંબંધિત પ્રતિબંધ અને જૂનથી કોરોનોવાયરસ સંક્રમણ વધવાનો હવાલો પણ આપ્યો છે.

અમેરિકામાં કામ કરવા માટે વિદેશી લોકો દ્વારા ઉપયોગમાં લેવાતા કેટલાંય અસ્થાયી વીઝાને રોકી દેવામાં આવ્યા છે, જેમાં એચ-૨બી કાર્યક્રમ પણ સામેલ છે જે બિન કૃષિ મોસમી શ્રમિકો માટે રજૂ કરાય છે. આ સિવાય એચ-1B વીઝાને આઈટી ક્ષેત્રના લોકોની વચ્ચે ખૂબ લોકપ્રિય છે તે પણ સામેલ છે. પ્રતિબંધિત કરાયેલા વીઝામાં J-1 વીઝા પણ સામેલ છે જે સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે અપાય છે. એચ-૧બી અને એચ-૨બી ધારકોના જીવનસાથી માટે વીઝા અને કંપનીઓ માટે L વીઝા જે અમેરિકામાં કર્મચારીઓને સ્થળાંતરિત કરવા માટે રજૂ કરાય છે તેને પણ સસ્પેન્ડ કરાયા છે.

ટ્રમ્પે નિવેદન આપ્યું છે કે આ ઉદઘોષણા ૩૧ માર્ચ, ૨૦૨૧ના રોજ સમાપ્ત થશે અને જરૂરિયાત મુજબ ચાલુ રાખવામાં આવી શકે છે. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ ના ૧૫ દિવસની અંદર અને ત્યારબાદ દર ૩૦ દિવસોમાં જ્યારે આ ઘોષણા અસરકારક છે. જરૂર પડવા પર ગૃહ સચિવ, રાજ્ય સચિવ અને શ્રમ સચિવનો સંપર્ક કરીને તેઓ કોઈપણ પ્રકારના સંશોધનની ભલામણ કરી શકે છે.

ટ્રમ્પના આ નિર્ણયથી હજારો ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને અમેરિકી ઉપરાંત ભારતીય કંપનીઓ પર પ્રતિકૂળ અસર થવાની શક્યતા નકારી કઢાતી નથી. ટ્રમ્પે ૨૦૨૦ના એપ્રિલની ૨૨મીએ અને ત્યારબાદ જૂનની ૨૨મીએ વિવિધ વીઝા પર પ્રતિબંધો લાદવાની જાહેરાત કરી હતી. એ આદેશ ડિસેંબરની ૩૧મીએ આપોઆપ રદ થવાનો હતો. એ રદ થાય એ પહેલાં ટ્રમ્પે ૩૧મીએ જ આ નીતિ ૨૦૨૧ના માર્ચ સુધી લંબાવવાની જાહેરાત કરીને હજારો આઈટી પ્રોફેશનલ્સને આંચકો આપ્યો હતો.

# ઈન્ડિયન એરફોર્સના ત્રણ કર્મચારીની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપ હેઠળ ધરપકડ

લુધિયાણા,તા.૧

લુધિયાણા પોલીસે ભારતીય હવાઈ દળના કર્મચારી સહિત કુલ ત્રણ જણની પાકિસ્તાન માટે જાસૂસી કરવાના આરોપસર ધરપકડ કરી હતી.

આ ત્રણે જણ હવાઈ દળના હલવારા મથકની તસવીરો પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈને પહોંચાડતા હોવાનો તેમના પર આક્ષેપ મૂકાયો હતો.

ઈન્ડિયન પીનલ કૉડની ત્રણ જુદી જુદી કલમ હેઠળ તેમની સામે આરોપ મૂકવામાં આવ્યા હતા. આ ત્રણ કલમોમાં દેશદ્રોહ, સરકારી ગુપ્ત બાબતોને લગતા કાયદાનું ઉલ્લંઘન અને ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવ ધારાનો સમાવેશ થયો હતો. આ ત્રણે ખાલિસ્તાની આતંકવાદ સાથે પણ જોડાયેલા હોવાનો આક્ષેપ છે. એ લોકો પંજાબમાં કાયદો અને વ્યવસ્થા ખોરવી નાખવા માગતા હતા.

આ લોકોએ પાકિસ્તાનની બદનામ ગુપ્તચર સંસ્થા આઈએસઆઈને હલવારા હવાઈ મથકના ફોટોગ્રાફ્સ મોકલ્યા હતા. આ લોકો પાકિસ્તાનથી ગેરકાયદે રીતે હથિયારો પ્રાપ્ત કરવા માગતા હતા. હથિયારોની ગેરકાયદે હેરફેરની પણ તેમની યોજના હતી. આ ત્રણેની ઓળખ રામ સિંઘ ( હલવારા મથકમાં ડિઝલ મિકેનીક તરીકે કામ કરતો હતો), સુખકિરણ સિંઘ અને શાબિર અલી તરીકે કરવામાં આવી હતી.

અત્રે એ નોંધનીય છે કે રામ સિંઘ હજુ તો થોડા મહિના પહેલાંજ કુવૈતથી ભારત પાછો ફર્યો હતો. લુધિયાણા પોલીસના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ પહેલાં રામ સિંઘને ઝડપી લેવાયો હતો. બાકીના બેની ધરપકડ બુધવારે કરાઈ હતી. તેમને રિમાન્ડ પર લેવામાં આવ્યા હતા. આ ત્રણમાં સુખકિરણ સિંઘ અગાઉ એક હત્યા કરવા માટે જેલમાં જઈ આવ્યો હતો. એણે રામદાસ સિંઘ પાસે હલવારા હવાઈ મથકની તસવીરો માગી હતી.

# ૨૦૨૦ દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં ૨૨૫ ત્રાસવાદી હણાયા

જમ્મૂ,તા.૧

વર્ષ ૨૦૨૦ દરમિયાન જમ્મુ-કાશ્મીરમાં ૨૨૫ ત્રાસવાદી ઠાર મરાયા હોવા સાથે ઘૂસણખોરી, નાગરિકોની હત્યા અને ત્રાસવાદી હુમલામાં ઘટાડો નોંધાયો હતો.

પોલીસના ડિરેક્ટર જનરલ દિલબાગસિંહે જણાવ્યું હતું કે સુરક્ષાદળોએ ૧૦૦થી વધુ સફળ ત્રાસવાદ વિરોધી અભિયાનમાં ૨૨૫ ત્રાસવાદીને ઠાર માર્યા હતા.

વાર્ષિક પત્રકાર પરિષદને સંબોધતા સિંહે જણાવ્યું હતું કે અમે ૯૦ ત્રાસવાદ વિરોધી અભિયાન કાશ્મીરમાં અને ૧૩ જમ્મુમાં સફળતાપૂર્વક પાર પાડયા હતા. ઠાર મરાયેલા ૨૨૫ ત્રાસવાદીમાંથી કાશ્મીરમાં ૨૦૭ અને જમ્મુમાં ૧૮ ત્રાસવાદી ઠાર મરાયા હતા.

ઠાર મરાયેલા ત્રાસવાદીઓમાં વિવિધ ત્રાસવાદી જૂથોના ૪૭ ટોપ કમાન્ડર હતાં. આજની તારીખે વિવિધ ત્રાસવાદી જૂથોના લગભગ બધા જ ટોપ કમાન્ડરો ઠાર મરાયેલા છે. વર્ષ દરમિયાન ત્રાસવાદીઓ સામે લડતા જમ્મુ-કાશ્મીર પોલીસના ૧૬ જવાન (૧૫ કાશ્મીરમાં અને એક જમ્મુમાં), ૪૪ સુરક્ષાદળના જવાન (૪૨ કાશ્મીરમાં અને બે જમ્મુમાં) શહીદ થયા હતા.

પોલીસ અને સુરક્ષાદળે મળીને ગ્રેનેડ ફેંકીને ભાગી જતા કે ત્રાસવાદીઓ માટે સંદેશા કે હથિયાર વગેરે લાવવાલઈ જવાનું કામ કરતા ૬૩૫ મળતિયાની ધરપકડ કરી હતી અને એમાંથી ૫૬ જણ સામે પબ્લિક સૅફ્ટિ ઍક્ટ હેઠળ કેસ દાખલ કરાયા હતા. આ સાથે ૨૯૯ ત્રાસવાદી અને એમના મળતિયાની ધરપકડ કરાઈ હતી તથા ૧૨ ત્રાસવાદીએ આત્મસમર્પણ કર્યું હતું.

## ૩૦મી ડિસેમ્બર સુધીમાં ૪.૭૩ કરોડ આઇટીઆર દાખલ કરાયા

ન્યુ દિલ્હી,તા.૧

આવકવેરા ખાતાના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૨૯મી ડિસેમ્બર સુધીમાં ૪.૭૩ કરોડ આઈટીઆર દાખલ કરાયા હતા.

કોરોનાના રોગચાળાને ધ્યાનમાં રાખીને સરકારે આવકવેરા રિટર્ન ભરવાની અંતિમ તારીખ લંબાવીને ૩૧મી ડિસેમ્બર ૨૦૨૦ કરી હતી, પણ હવે વ્યક્તિગત રિટર્ન ભરવાની તારીખ લંબાવીને ૧૦મી જાન્યુઆરી ૨૦૨૧ અને કંપનીઓ માટે રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૧૫મી જાન્યુઆરી ૨૦૨૧ કરવામાં આવી છે.

ગયા વર્ષે વ્યક્તિગત રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ ઑગસ્ટ હતી અને ૫.૬૫ કરોડ રિટર્ન ફાઈલ કરાયા હતા.

આવકવેરા વિભાગે જાહેર કરેલા આંકડા પ્રમાણે ૨.૬૧ કરોડ આઈટીઆર-૧ ૩૦મી ડિસેમ્બર સુધીમાં દાખલ કરાયા હતા, જે ગયા વર્ષે ૨૯મી ઑગસ્ટ ૨૦૧૯ના ૨.૯૧ કરોડ રિટર્ન કરતા ઓછા છે. ૧.૦૫ કરોડ આઈટીઆર-૪ ૩૦મી ડિસેમ્બર સુધીમાં દાખલ કરાયા હતા, જે ગયા વર્ષે ૨૯મી ઑગસ્ટ ૨૦૧૯ના ૧.૧૦ કરોડ રિટર્ન કરતા વધારે છે.

આ વર્ષે વ્યક્તિગત કર માટેના રિટર્નમાં ઘટાડો થયો હતો, પણ વ્યવસાયિક અને ટ્રસ્ટોના રિટર્નમાં વધારો નોંધાયો હતો.

# સપ્તાહના અંતિમ દિવસે સેન્સેક્સ ૧૧૮ અંક વધી ૪૭,૮૬૮ની ટોચે બંધ




મુંબઈ,તા.૧

સ્થાનિક શેરબજારમાં આજે બંધ થતા ઉછાળો જોવા મળ્યો છે. તેથી માર્કેટમાં ખુશી છવાઈ છે. જેમાં સેન્સેક્સ +૧૧૭.૬૫ પોઈન્ટ એટલે ૦.૨૫% ટકાના વધારા સાથે ૪૭,૮૬૮.૯૮ પર બંધ થયો છે. તેમજ નિફ્ટી +૩૬.૭૫ પોઈન્ટ એટલે ૦.૨૬% ટકાના વધારા સાથે ૧૪,૦૧૮.૫૦ પર બંધ રહી છે.

બીએસઈમાં કુલ ૩૧૭૦ કંપનીઓના સોદા થયા હતા, જેમાંથી આશરે ૨૦૪૩ શેરો ઉંચા બંધ રહ્યા હતા અને ૯૫૩ શેરોમાં ઘટાડો થયો હતો.

તે જ સમયે, ૧૭૪ કંપનીઓના શેર ભાવોમાં કોઈ તફાવત નહોતો. તેજ સમયે સાંજે ડોલર સામે રૂપિયો ૬ પૈસાના ઘટાડા સાથે ૭૩.૧૨ રૂપિયાની સપાટીએ બંધ રહ્યો હતો.

સેન્સેક્સ પર આઈટીસી, ટીસીએસ, એમએન્ડએમ, એસબીઆઈ, ભારતી એરટેલ સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. આઈટીસી ૨.૩૨ ટકા વધીને ૨૧૩.૮૫ પર બંધ રહ્યો હતો. ટીસીએસ ૨.૦૨ ટકા વધીને ૨૯૨૮.૨૦ પર બંધ રહ્યો હતો. જોકે આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, ટાઈટન કંપની, બજાજ ફીનસર્વ, બજાજ ફાઈનાન્સ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતો. આઈસીઆઈસીઆઈ બેંક ૧.૩૬ ટકા ઘટીને ૫૨૭.૫૫ પર બંધ રહ્યો હતો. એચડીએફસી બેંક ૦.૮૩ ટકા ઘટીને ૧૪૨૪.૮૫ પર બંધ રહ્યો હતો.

બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ પ્રથમ વખત ૧૮૯.૨૬ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી છે. ચારેબાજુ તેજીના કારણે બોમ્બે સ્ટોક એક્સચેન્જ પર ૩૧૭૦ કંપનીઓના શેરમાં કારોબાર થયો છે. તેમાંથી ૨૦૪૩ એટલે કે ૬૪ ટકા શેર વધારા સાથે બંધ થયા હતા.

નિફ્ટીએ પણ શુક્રવારે નવો રેકોર્ડ બનાવ્યો. તે ૩૬.૭૫ અંક વધી પ્રથમ વખત ૧૪૦૧૮.૫૦ પર બંધ થયો હતો. ઈન્ટ્રાડેમાં ઈન્ડેક્સ ૧૪૦૪૯.૮૫ પર પહોંચ્યો હતો. અદાણી પોર્ટનો શેર ૪૭.૩૯ ટકા વધી ૫૦૫ રૂપિયા પર બંધ થયો.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૭૮ અને ચાંદીમાં રૂ.૫૯૬ની સાપ્તાહિક ધોરણે વૃદ્ધિ

મુંબઈ

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ) પર ૨૮થી ૩૧ ડિસેમ્બરના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિ રહી હતી, જ્યારે તમામ બિનલોહ ધાતુઓ ઘટીને બંધ થઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને નરમ રહ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, કોટન અને સીપીઓમાં સુધારા સામે રબર અને મેન્થા તેલમાં ઘટાડો વાયદાના ભાવમાં થયો હતો.

દરમિયાન, કીમતી ધાતુનો સૂચકાંક બુલડેક્સનો જાન્યુઆરી વાયદો ૧૫,૬૮૭ના સ્તરે ખૂલી, ઊંચામાં ૧૫,૮૫૦ અને નીચામાં ૧૫,૫૮૨ના મથાળે અથડાઈ સપ્તાહ દરમિયાન ૨૬૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૪૮ પોઈન્ટ વધી ૧૫,૬૬૮ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૩,૭૦૫ના સ્તરે ખૂલી, સપ્તાહ દરમિયાન ૪૭૭ પોઈન્ટની મૂવમેન્ટ સાથે સપ્તાહના અંતે ૩૩૯ પોઈન્ટ ઘટીને ૧૩,૩૪૯ના સ્તરે બંધ થયો હતો.

કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૨૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૫૦,૫૮૦ અને નીચામાં રૂ.૪૯,૮૫૭ના સ્તરને સ્પર્શી, સપ્તાહના અંતે રૂ.૭૮ના ભાવવધારા સાથે રૂ.૫૦,૧૫૧ના સ્તરે બંધ થયો હતો. ગોલ્ડ-ગિનીનો જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦,૩૯૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮૮ના ભાવવધારા સાથે રૂ.૪૦,૨૬૮ થયો હતો, જ્યારે ગોલ્ડ-પેટલનો જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૫,૦૩૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫ સુધરી બંધમાં રૂ.૫,૦૨૦ના ભાવ થયા હતા.

ચાંદીના વાયદાઓમાં એમસીએક્સ ચાંદી માર્ચ વાયદો સપ્તાહના પ્રારંભે કિલોદીઠ રૂ.૬૯,૦૦૦ ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૬૯,૮૦૦ અને નીચામાં રૂ.૬૭,૭૦૦ના સ્તરને સ્પર્શી, સમીક્ષા હેઠળના સપ્તાહના અંતે રૂ.૫૯૬ના ઉછાળા સાથે રૂ.૬૮,૧૦૫ના સ્તરે બંધ થયો હતો.

ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૮૯૪ના ભાવે ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૦૧ની વૃદ્ધિ સાથે રૂ.૬૮,૦૭૯ના સ્તરે બંધ થયો હતો, જ્યારે ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૬૭,૪૫૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૬૦૯ના ભાવવધારા સાથે બંધમાં રૂ.૬૮,૦૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ ઓઈલનો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે બેરલદીઠ રૂ.૩,૫૪૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૩,૬૦૮ અને નીચામાં રૂ.૩,૪૯૩ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૩૦ ઘટી બંધમાં રૂ.૩,૫૨૪ના ભાવ થયા હતા. નેચરલ ગેસનો જાન્યુઆરી વાયદો એમએમબીટીયૂદીઠ રૂ.૧૮૫ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૫.૪૦ ઘટી રૂ.૧૮૨.૧૦ થયો હતો.

કૃષિ કોમોડિટીઝમાં કપાસનો એપ્રિલ-૨૧ વાયદો ૨૦ કિલોદીઠ રૂ.૧,૧૮૦ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૮.૫૦ વધી રૂ.૧,૧૯૦ના સ્તરે બંધ થયો હતો, જ્યારે રૂ (કોટન)નો જાન્યુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે ગાંસડીદીઠ રૂ.૨૦,૬૨૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૨૦,૭૯૦ અને નીચામાં રૂ.૨૦,૪૦૦ના મથાળે અથડાઈ, સપ્તાહના અંતે રૂ.૭૦ના ઉછાળા સાથે રૂ.૨૦,૬૩૦ના સ્તરે બંધ થયો હતો.

ક્રૂડ પામતેલ (સીપીઓ)નો જાન્યુઆરી વાયદો ૧૦ કિલોદીઠ રૂ.૯૬૬ ખૂલી, સપ્તાહના અંતે રૂ.૧૬.૫૦ વધી રૂ.૯૭૭.૮૦ના ભાવે બંધ થયો હતો, જ્યારે નવા શરૂ થયેલા રબરનો જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઊપરમાં રૂ.૧૬,૨૭૩ અને નીચામાં રૂ.૧૫,૩૦૨ બોલાઈ, સપ્તાહના અંતે રૂ.૭૨૨ની નરમાઈ સાથે રૂ.૧૫,૩૬૪ના ભાવે બંધ થયો હતો.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક.સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ માં આજે "વિરહ.વેદના,ચાહના" વિષય ઉપર ગ્રુપ મેમ્બરો ની પદ્ય રચનાઓ પ્રસિદ્ધ.

www.janfariyadnews.com

---

NOG સાહિત્ય સરિતા ગ્રુપ (૧)
NOS SS No. - 0036
વિભાગ -પદ્ય
શીર્ષક - કન્યા વિદાય

સાવ પોતીકી પારકી થઈ ગઈ રે લોલ;
સપનાં બાંધી પાનેતરની ગાંઠે રે...
દીકરી ચાલી નેહની શરણાઈએ રે લોલ...
પિતા છલકાય પ્રેમભીનાં આંસુડે રે લોલ;
માણીલે તું માતાની વહાલપ રે,
દીકરી ચાલી સપના બાંધી પાનેતરે રે લોલ.
દીકરી તું આંખથી ઓઝલ થઈ જશે રે લોલ;
તારે પાલવડે કાંઈ બાંધી નરી પ્રીતડી રે,
દીકરી ચાલી પારકાને પોતીકા કરવા રે લોલ.
હૈયું ને હાથ સાથ કન્યાદાનમાં રે લોલ;
બાંધવે આપ્યું ખોબલે ખોબલે હેત રે,
દીકરી ચાલી સ્નેહની શરણાઈએ રે લોલ.
પામી છે તું પ્રેમ તણાં પૂરને રે લોલ;
તારા પાવન પગલે ઉજળો સંસાર રે,
દીકરી ચાલી કુમકુમ પગલે રે લોલ.
નિભાવજે તું માણીગરનાં સાથને રે લોલ;
બાંધી આપું ફાંટ ભરીને પ્રેમ રે,
દીકરી ચાલી વેદનાને અશ્રુબંધે રે લોલ.
કાળજેથી ડૂસકું મુકાઈ ગયું રે લોલ;
વિદાય પછી કોણ પુરશે ખોટ રે,
દીકરી ચાલી પ્રેમની શરણાઈએ રે લોલ.
અરુણાબેન ત્રિવેદી અમદાવાદ

---

NGO સાહિત્ય સરિતા ( ૧ )
NOG SS No. -- 0039
શબ્દ-- વેદના
પ્રકાર-- પદ્ય - અછાંદસ
શીર્ષક -વેદનાનાં વેદ

વેદના તો વેઠવાની હોય છે,
મન ભરીને માણવાની હોય છે,
રોંદણાં દુ:ખનાં રડ્યા કરો તો ય પણ,
દુ:ખને તો ચાહવાનું હોય છે,
નથી વિકલ્પ જીવનમાં સુખ દુ:ખનો
શાશ્વત માની ઝીલવાનું હોય છે
હોય છે સહુના ખભે ઝોળો કર્મનો
જે નીકળે એ સ્વીકારવાનું હોય છે
રાતભર નીંદરમાં સેવ્યા જે સ્વપ્નાં,
આંખ ખુલે ભૂલવાના હોય છે,
છોડવા સઘળી મથામણ જીવવાની,
પરમાત્માના પરમને પામવાનું હોય છે,
પર્યાય કોઈ નથી પોતીકી પીડાનો,
મળ્યું છે જે એ જ આપણું હોય છે.
વેદના પામ્યા પછી જીવનનાં રાહમાં
એહસાસ સુખનો નિરાળો હોય છે.
જીવનનની જીવનગીતા જાણવા
વેદનાનાં વેદ ભણવાના હોય છે.
પ્રફુલ્લા"પ્રસન્ના" અમદાવાદ

---

NOG SS No:-0081
પ્રકાર : પદ્ય
શીર્ષક : ચાહના

મેં ન ચાહ્યું , પિતાએ ચાહ્યું , તો પરણી લીધું,
મેં ન ચાહ્યું, પતિએ ચાહ્યું , તો ભણવું છોડ્યું,
મેં ન ચાહ્યું, સમાજે ચાહ્યું ,તો બીજું સંતાન જણ્યુ,
મેં ન ચાહ્યું, ઈશ્વરે ચાહ્યું,"એમને" લઈ લીધાં..!
મેં ન ચાહ્યું , હસવું, માણવું સાથી વિના ,
મેં ન ચાહ્યું , જીવવું, જાગવું, જાણવું સાથી વિના,
મેં ન ચાહ્યું , રંગ , ગીત સાથે રાચું સાથી વિના!
મેં ન ચાહ્યું , ચાહીને ભૂલી જાઉ સમણાં સહિયારા..!
મેં ન ચાહ્યું ,તનયાઓએ ચાહ્યું ,ખુશ રહું!
મેં ન ચાહ્યું , જીવવાની "શૈલી" બદલું,
મેં ચાહીને ચાહ્યું , હેતની "હેલી" વરસાવું,
મેં ચાહ્યું , હું "હું" થઈ ને જીવતા શીખું,
મેં ચાહ્યું ,ન ચાહવું છોડી ચાહત માટે જીવું!!
ચાહું હવે પ્રેમ , લાગણી બસ,
ઈજન આવે સાંઈ નું અને નીકળું બસ!
ખોજ કરું છું વર્ષોથી ,મુજ નામના અર્થની,
લાગે મને ખોજ અનંતે પૂરી થશે,
ત્યારે જ સકળ ન ચાહ્યું , ચાહ્યું થશે !
માયા દેસાઈ મુંબઈ, ભારત.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર સાહિત્ય સરિતા
NOG SS No : 0034
વિષય : વેદના
શીર્ષક : વાંઝિયામેણું

વાંઝિયામેણું સહેતી એ સારતી નિત અશ્રુઓ,
કોનો વાંક? ઈશનો કે કિસ્મતનો? મનમાં વિચારતી.
કરવાને પ્રસન્ન પ્રભુને એ તો પૂજતી કંકર-કંકર,
પાથરીને ખોળો હરદમ એ દયાનિધિને વિનવતી.
કહેતાં પરમકૃપાળુ ઈશ છે દયાસાગર અતિ,
ન દીધો ખોળાનો ખૂંદનાર, રાખી મને કેમ તરસતી!
જોઈને સૂનું પારણું હૈયામાંથી આહ નીકળતી,
કરાવવા અમૃતપાન નિજ સંતાનને એ તડપતી.
મુખ પણ ન જોવા ચાહે કોઈ વાંઝણી તણું,
શુભ પ્રસંગોમાં પણ હવે તો એ બાદ કરાતી.
રોજ - રોજ જખ્મ તાજાં કરતાં આ દુન્યવી માનવો,
એકાંતમાં સારતી આંસુ, એક બાળક માટે પ્રભુને કરગરતી.
થાય સવાલ એક, પ્રભુ મુજને હંમેશા ઉર મહી,
છીએ સૌ તારાં સંતાનો, તો શાને આ દિવાલો ઓતરાતી!!
ડો. રેખા શાહ કચોરીયા, મોરબી

---

ન્યુઝ ઓફ ગાંધીનગર
NOG SS No :- 0019
શબ્દ..વેદના
પ્રકાર.. પદ્ય
શીર્ષક-વેદના

ચાલ, એક સંબંધ પારદર્શક બાંધીએ,
પ્રેમ ના શ્વાસ અને આશનાં એહસાસ નો બાંધીએ!!
નહીં કોઇ છલ કપટ, બસ,
જ્યાં ભિતરની ભિનાશ મળે,
એક એવો ઉષ્મા સભર સંબંધ, બાંધીએ!
હેતુ વગર સમજી જઈએ,જ્યાં
સ્વાર્થ આવે ત્યાં થંભી જઈએ,,
આત્મા થી આત્મા ની ઓળખનો
હર્યોભર્યો સંબંધ બાંધીએ !
હું ન બોલું ને સઘળું સમજાઈ જાય,
તારી વેદના મારી વાણી બની જાય,
એકમેકના ભાવનો એક ભારો કરીએ,,
ચાલ, એક સંબંધ પારદર્શક બાંધીએ!
નથી ભણવા કોઈ વેદ,
હવે વેદનાનું સરનામું
જ્યાં મળે ત્યાં કર માનવતાની પહેલ!!
કલ્પના ત્રિવેદી સુરેન્દ્રનગર

---

NOG SS NO : 0051
પ્રકારઃ પદ્ય
શીર્ષકઃ વેદના,વિરહ,ચાહના

નવરંગી ભાતની ચુંદલડી
માંય આભલાં ટમટમતાં રે...
સ્મરણ થાય મુજને
વિસરું નહીં સ્વપ્નમાંય રે...
સાયબાં અમ આંગણે
મોર ટહુકયા કરે કોટે રે..
વાદળનો ગડગડાટ
આભમાં અમથો થાય રે..
વરસે મેહુલિયો આથમતાં
વીજળીઓનો ચમકાર રે...
ભીજવે મારા વાલમ
ચુંદલડીની કોર મહી રે...
ચાહના હતી મુજને,
જીવન સોંપ્યું તારે કાજ રે...
અધૂરપનો અહેસાસ
વારંવાર વેદના આપે રે...
વાલમ તારી પ્રેમભરી યાદમાં
તારો વિરહ વસમો લાગે રે...
ઉર્વશી મહેતા ,અમદાવાદ.

---

NOG SS No. - 0065
પ્રકાર - પદ્ય
શીર્ષક - વેદના

તું શું જાણે વિરહની વેદના
સળગતી આગની ભઠ્ઠીમાં
તપી તપીને ગરમ થાઈ ને
મેં અનુભવી છે વેદના.
હું આ પાર અને તું
સાથ સમંદર પાર
એકબીજાને યાદ કરીને
મેં અનુભવી છે વેદના.
હવે તો છે એકજ આશા
પત્રવ્યવહાર અને સંદેશા
પરસ્પર બહુ થઈ ગયા
નથી સહન થતી વેદના.
તું આવશે ત્યારે મારી
આ વેદનાનો આવશે અંત.
હર્ષા શાહ







## જેલમાં બેઠા ચૂંટણી લડશે વિપુલ ચૌધરી
# દૂધ સાગર ડેરી ચૂંટણીઃ જામીન આપવાનો ગુજરાત હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ,તા.૧

મહેસાણા દૂધસાગર ડેરીના પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરીના જામીન ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધા છે. આગામી ૫ જાન્યુઆરીએ યોજાનારી દૂધસાગર ડેરીની ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે વચગાળાના જામીન આપવાની માગ ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે. વિપુલ ચૌધરી દ્વારા કરાયેલી રેગ્યુલર જામીન અરજીની સુનાવણીમાં તેમના વકીલે ૫મી જાન્યુઆરીએ ચૂંટણી હોવાથી ત્યાં સુધીના વચગાળાના જામીન આપવામાં આવે એવી માગ કરી હતી. જોકે કોર્ટ દ્વારા આ માગને ફગાવી દેવામાં આવી છે. આ સિવાય રેગ્યુલર જામીન અરજી મુદ્દે સરકારને નોટિસ પાઠવીને ખુલાસો માગ્યો છે. વિપુલ ચૌધરી તરફથી હાઈકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે તેમનું ચૂંટણીમાંથી ડિસ્ક્વોલિફિકેશન થયું નથી, જેથી તેમને વચગાળાના જામીન આપવામાં આવે. સરકારી વકીલ તરફથી દલીલ કરવામાં આવી હતી કે ક્રૈંઢ ક્રાઈમની તપાસ મહત્ત્વપૂર્ણ તબક્કા પર છે અને અરજદાર વિપુલ ચૌધરી પ્રભાવશાળી વ્યક્તિ હોવાથી તે ચૂંટણીને અસર પાડી શકે છે. હાઈકોર્ટે બંને પક્ષે દલીલ સાંભળ્યા બાદ વિપુલ ચૌધરીના જામીન ફગાવી દીધા છે. દૂધસાગર ડેરીના નિયામક મંડળની ચૂંટણીમાં જોડિયા દૂધ મંડળીની હાઈકોર્ટમાં ગુરુવારે સુનાવણી હાથ ધરાતાં કોર્ટે મંડળીને હાલપૂરતો ક-વર્ગ ધ્યાનમાં નહીં લેવા હુકમ કર્યો છે. જ્યારે ઉમેદવાર વિપુલ ચૌધરી સામે થયેલી વાંધા અરજીની મોડી સાંજે થયેલી સુનાવણી બાદ ચૂંટણી અધિકારીએ વિપુલ ચૌધરીને માન્ય ઉમેદવાર તરીકે ગણી રાત્રે હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે.

# બ્રિટનનો કોરોના નવો સ્ટ્રેન ખુબ જ ઘાતક છેઃ રાકેશ જોશી

અમદાવાદ,તા.૧

બ્રિટનમાં આવેલા કોરોના વાયરસના નવા સ્ટ્રેને ધીરે ધીરે ભારતમાં પગપેસારો કરી દીધો છે. દેશમાં કોરોના વાયરસના નવા સ્ટ્રેનના અત્યાર સુધીમાં ૨૦ કેસ સામે આવી ચૂક્યા છે. આ બધા વચ્ચે બ્રિટનનો નવો કોરોના સ્ટ્રેન વધુ ઘાતક હોવાના સમાચાર મળી રહ્યા છે. દિલ્હી એમ્સના ડાઈરેક્ટર ડોક્ટર રણદીપ ગુલેરિયાએ નવા સ્ટ્રેન વિશે કહ્યું કે તે ખુબ જ ચેપી છે અને તેનાથી આપણે વધારે સાવધાની વર્તવાની જરૂર છે. ત્યારબાદ હવે અમદાવાદ સિવિલ હોસ્પિટલના આસિ. સુપરિટેન્ડન્ટ ડો. રાકેશ જોશીએ નવા સ્ટ્રેન વિશે એક નિવેદન આપ્યું છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના આસિ. સુપરિટેન્ડન્ટ ડો. રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, બ્રિટનનો કોરોના નવો સ્ટ્રેન ખુબ જ ઘાતક છે.

કોરોનાના વાયરસ કરતા પણ નવા સ્ટ્રેનની તકેદારી ખૂબ જરૂરી છે. કોરોના મ્યુટેશનમા થયેલા ફેરફારના લીધે વધુ ચિંતાજનક લાગી રહ્યું છે. નવા સ્ટ્રેન પર સરકાર અને ડોકટરોની પણ નજર છે. સ્ટ્રેનના લીધે તકેદારીના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. જેના કારણે દરેક લોકોને સતર્કતા રાખવા માટે જણાવવામાં આવ્યું છે. એક અભ્યાસ સૂચવે છે કે યુકેથી ફેલાયેલ કોરોનાનો આ નવો સ્ટ્રેન ખૂબ જ ચેપી છે, તેથી આ ચિંતાનો વિષય છે. બ્રિટનથી આવતી ફ્લાઈટ્સને લઈને પણ સરકારે ઘણી બાબતો નક્કી કરી છે. તેના માટે એક કન્સોર્ટિયમ સ્થાપ્યો છે. ભારતમાં આવેલા નવા સ્ટ્રેનનો અભ્યાસ કરાશે.

# મુખ્યપ્રધાન રૂપાણીએ દેવભૂમિ દ્વારકામાં આ વિકાસ કામોનું કર્યું ઈ-લોકાર્પણ

દેવભૂમિ દ્વારકા,તા.૧

મુખ્યપ્રધાન નવા વર્ષના પહેલા જ દિવસે દેવભૂમિ દ્વારકાના પ્રવાસે પહોંચ્યા હતા. અહીં તેમણે દ્વારકાને અનેક ભેટ અર્પણ કરી હતી. મુખ્યપ્રધાને વિવિધ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ ઉપરાંત ઓખા અને બેટ દ્વારકા વચ્ચે તૈયાર થનારા સિગ્નેચર બ્રિજનું પણ તેમણે નિરીક્ષણ કર્યું હતું. મુખ્યપ્રધાનની સાથે રાજયના પ્રધાન કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા, સાંસદ પૂનમ માડમ, દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુભા માણેક અને અન્ય આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. બેટ દ્વારકા અને ઓખા વચ્ચે બનતા સિગ્નેચર બ્રિજના કામનું નિરીક્ષણ પણ કર્યુ હતું. ખંભાળિયા અને ભાણવડ તેમ જ દ્વારકા તાલુકાના નાના માંઢા ટૂ જોઈન એચ. એસ. રોડ, સણખલા-નવા સણખલા રોડ તથા સીસી રોડ ઓન મેઘપર ટીટોડી ટૂ જોઈન એસ.એચ.રોડનું ઈ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. દ્વારકામાં ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિ. ૬૬ કેવી ધ્રાસણ વેલ સબ સ્ટેશનનું ભૂમિપૂજન કર્યું હતું. દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાની કેશવપુર પ્રાથમિક શાળાના ૩ ઓરડા, સતાપર વાડી પ્રાથમિક શાળા-૩માં ૨ ઓરડા , લીમડી પ્રાથમિક શાળામાં ૫ ઓરડા મળી કુલ રૂ. ૯૨ લાખના ખર્ચે ૧૦ ઓરડાનું ઈ-લોકાર્પણકલ્યાણપુરમાં આવેલી સરકારી વિનિયન કોલેજમાં રૂ. ૧૭ લાખના ખર્ચે કમ્પ્યૂટર લેંગ્વેજ લેબનું ઈ-લોકાર્પણદ્વારકામાં હેરિટેજ સિટી ડેવલપમેન્ટ એન્ડ ઓગમેન્ટેશન યોજના ભારત સરકાર પુરસ્કૃત ‘એચઆરઆઈડીએવાય‘ અંતર્ગત દ્વારકા શહેરમાં રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે પૌરાણિક નવનિર્મિત બ્રહ્મકુંડ, હરિકુંડ અને ગોમતીઘાટનું લોકાર્પણઅટલ મિશન ફોર રિજુવનેશન એન્ડ ટ્રાન્સફોર્મેશન ‘અમૃત‘ યોજના હેઠળ રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે નિર્મિત ૧ લાખ ચોરસ ફૂટના વિશાલ પાર્કિંગસહ પ્રદર્શન ગ્રાઉન્ડનું લોકાર્પણ.

# ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભ માટે ૨૮ લાખ અરજીઓ મળી

ગાંધીનગર,તા.૧

ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભ માટે ૨૮ લાખ અરજીઓ મળી છે અને લાખો ગ્રામીણ નાગરિકોએ પોતાના ગામમાંથી જ સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ અને ઝડપથી મેળવી છે. ભારત નેટ ફેઈઝ-૨ના ગુજરાતમાં અમલની સંપૂર્ણ જવાબદારી લઈને રાજ્ય સરકારે મોટાભાગની કામગીરી પૂર્ણ કરી દીધી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના દિશાનિર્દેશનમાં રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગે છેક ગ્રામ્યસ્તર સુધી ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક અને ભારત નેટ ઈન્ટરનેટ અન્વયે ૧૦૦ MBPSની સ્પીડ સાથે નેટ કનેક્ટિવિટી સફળતાપૂર્વક પ્રસ્થાપિત કરી છે. વિજય રૂપાણીએ રાજયના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના સામાન્યમાં સામાન્ય માનવીને પણ પોતાના ગામમાંથી જ વિવિધ સરકારી સેવાઓ ઘરેબેઠા મળે તેવી ઐતિહાસિક ડિજિટલ ક્રાંતિ ડિજિટલ સેવાસેતુના સફળ અમલથી રાજ્યમાં શરૂ કરાવી છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારની સેવાઓમાં ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગથી પ્રજાજનો માટે ઈઝ ઓફ લિવીંગ વધારવાની નેમ સાથે ઓકટોબર-૨૦૨૦માં આ ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ ૨૦૦૦ ગામોમાં ૨૨ જેટલી વિવિધ સરકારી સેવાઓ-યોજનાઓ પહોચાડવા સાથે કરાવ્યો હતો. ભારત નેટ ફેઈઝ-૨ની રાજ્યમાં સંપૂર્ણ જવાબદારી સાયન્સ ટેક્નોલોજી વિભાગે સંભાળીને મોટાભાગનું કામ પૂર્ણ કરી દીધું છે. આ ડિજિટલ સેવાસેતુનો પ્રારંભ ઓકટોબર-૨૦૨૦માં બે હજાર ગામોમાં ૨૨ જેટલી સરકારી સેવાઓ સાથે શરૂ થવાની સફળતાને પગલે મુખ્યમંત્રીએ ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં વધુ ૮૦૦૦ ગામોમાં આ સેવાઓ પ્રસ્થાપિત કરવા અને સરકારની વધુ સેવાઓ તેમાં આવરી લેવાનો એટલે કે ૨૨ થી વધારીને ૪૫ સેવાઓ આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારીત કર્યો હતો. રાજ્ય સરકારના સાયન્સ ટેક્નોલોજી વિભાગે મુખ્યમંત્રીના આ લક્ષ્યાંકને સફળતાપૂર્વક પાર પાડીને રાજ્યની ૮૦૦૦ ગ્રામ પંચાયતોમાં ડિજિટલ સેવાસેતુનો વ્યાપ વિસ્તારી દીધો છે. મુખ્યમંત્રીએ ૨૦૨૧ના વર્ષમાં રાજ્યની તમામ ૧૪ હજાર ગ્રામ પંચાયતોમાં ભારત નેટ ઈન્ટરનેટ માધ્યમથી ડિજિટલ સેવાસેતુ માટેની પ્રતિબદ્ધતા સાથે વિભાગને આ માટે પ્રેરિત કર્યો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના આ પ્રજાલક્ષી પારદર્શી, નિર્ણાયક અભિગમને ગ્રામીણ જનતા જનાર્દને પણ જબરજસ્ત પ્રતિસાદ આપ્યો છે.

તદઅનુસાર ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં ડિજિટલ સેવાસેતુના વિવિધ લાભ માટે ૨૮ લાખ અરજીઓ મળી છે અને લાખો ગ્રામીણ નાગરિકોએ પોતાના ગામમાંથી જ સરકારના વિવિધ વિભાગોની સેવાઓ સરળતાએ અને ઝડપથી મેળવી છે. મુખ્યમંત્રીએ ગુડ ગર્વનન્સના મૂળ મંત્રને સાકાર કરતાં ગ્રામ્યસ્તરે જ લોકોને બધી સેવાઓ સમયસર અને બેરોકટોક વિનાવિલંબે મળે, એટલું જ નહિ કચેરીના ધક્કા પણ ન ખાવા પડે તે સુનિશ્ચિત કર્યુ છે. મુખ્યમંત્રીએ ડિજિટલ સેવાસેતુથી ગ્રામીણ વિસ્તારોના સશક્તિકરણ – રૂરલ એમ્પાવરમેન્ટના સંકલ્પ સાથે ‘‘આત્મા ગામડાનો સુવિધા શહેરની’’નો નવતર કન્સેપ્ટ અપનાવ્યો છે. લોકોને પોતાના ગામમાંથી જ સરકારની વિવિધ સેવાઓ, પ્રમાણપત્રો-દાખલાઓ મળી રહે ને ‘‘ઈઝ ઓફ લીવીંગ’’માં વૃદ્ધિ થવા સાથે ગ્રામ સમૃદ્ધિથી શહેર, શહેરથી રાજ્ય અને રાજયથી રાષ્ટ્ર સમૃદ્ધિની દિશામાં આગળ વધવાનો મુખ્યમંત્રીનો આ સંકલ્પ ઉત્તમથી સર્વોત્તમ ગુજરાતના નિર્માણની આગવી કેડી કંડારનારો બન્યો છે.

# સુરતને ૩ નવા બ્રીજ અને સિવિલમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ મળશે

સુરત,તા.૧

નવી સિવિલમાં સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું બિલ્ડીંગ તૈયાર થઈ ગયું છે. હાલ તેને કોરોનાના દર્દીઓ માટે જરૂર પડે તો ઉપયોગમાં લઈ શકાય તે માટે સ્ટેન્ડબાય રખાયું છે. અહીં હાર્ટ, કિડની અને ન્યુરોલોજીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ કાર્યરત કરાશે. ૨૦૨૧માં ત્રણેય સુપર સ્પેશિયાલિટી સારવાર શરૂ થઈ શકે તેવી શક્યતાઓ છે. સુરત એરપોર્ટનું ટર્મિનલ બિલ્ડિંગ અને એપ્રેન એક્સપાન્સનની સાથે પીટીટી એટલે કે પેરેલલ ટેક્સી ટ્રેકનું કામ પૂર્ણ કરનારી છે. એટલું જ નહીં, ત્રણ નવા એરોબ્રિજ પણ મૂકાનારા છે. ટર્મિનલ બિલ્ડિંગના એક્સપાન્સ બાદ તેની કેપેસિટી ૧૮૦૦ પેસેન્જરથી થઈ જશે. એપ્રેનના એક્સપાન્સ બાદ ૨૩ ફલાઈટો સરળતાથી પાર્ક કરી શકાશે. વેસુ આભવા મેઈન રોડ સાકાર થઈ રહેલા શહીદ સ્મારક ફેઝ-૧નું કામ ૨૦૨૧માં પૂર્ણ થશે. ફેઝ-૧માં એન્ટ્રન્સ પ્લાઝા, શૌર્ય દ્વાર, યુનિટી સ્ક્વેર, પાર્કિંગ, એક્સીસ ઓફ ટાઈમ, બે ડીસ્પ્લે ગેલેરી, શહીદ સ્તંભ, ઓપન એક્ઝિબિશન એરિયા સહિતના વિવિધ કામો ચાલી રહ્યા છે, જે ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે. આ સાથે ફેઝ-૨નું કામ શરૂ કરાશે. સુરત-મુંબઈ વેસ્ટર્ન રેલવે મેઈન લાઈન ઉપર સહારા દરવાજા રેલવે ગરનાળા અને સુરત બારડોલી રોડ પર રૂ.૧૩૩.૫૦ કરોડના ખર્ચે સાકાર થઈ રહેલા રેલવે ઓવરબ્રિજ સાથે રિંગરોડ બ્રિજની ઉપર સાકાર થઈ રહેલ કરણી માતા બ્રિજનું કામ નવા વર્ષના અંત સુધીમાં પૂર્ણ થાય એવી શક્યતા છે.

# ધોરણ-૯ થી ૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો

ગાંધીનગર,તા.૧

કોરોનાની મહામારીને કારણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં સરકાર દ્વારા વિદ્યાર્થીઓના હિતમાં ધોરણ-૯થી ધોરણ-૧૨ના અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. માત્ર એટલું જ નહીં પરીક્ષા પદ્ધતિમાં પણ ફેરફાર કર્યો છે. જે મુજબ ધોરણ-૯,૧૦,૧૧ અને ૧૨ સામાન્ય પ્રવાહમાં પ્રશ્નપત્રોમાં હેતુલક્ષી પ્રશ્નોનું પ્રમાણ વધારીને ૩૦ ટકા કર્યું છે. જે અગાઉ ૨૦ ટકા હતું. જ્યારે ધોરણ-૧૨ સાયન્સમાં અગાઉની જેમ પ્રશ્નપત્રોમાં ૫૦ ટકા સ્ઝઊ(મલ્ટિપલ ચોઈસ ક્વેશ્ચન) અને ૫૦ ટકા વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોનું પ્રમાણ યથાવત રાખવામાં આવ્યું છે.

ધોરણ-૯થી ધોરણ-૧૨માં પ્રશ્નપત્રોમાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોમાં ઈન્ટરનલ ઓપ્શનને બદલે જનરલ ઓપ્શન આપવામાં આવશે. આ ફેરફાર અન્વયે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ના મુખ્ય ૪૦ વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર તથા નમૂનાના પ્રશ્નપત્રો તજજ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે. જે તમામ જિલ્લાશિક્ષણાધિકારીઓ મારફતે તમામ માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોને મોકલી આપવામાં આવ્યા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ આ વિગતો મુકવામાં આવી છે. રાજ્ય સરકારે ગુજરાતમાં એક વર્ષ માટે વિદ્યાર્થીઓના અભ્યાસક્રમમાં ૩૦ ટકા ઘટાડો કર્યો છે. વર્તમાન કોરોનાની સ્થિતિને કારણે માત્ર એક વર્ષ સુધી જ આ નિયમ લાગુ પડશે. એટલું જ નહીં, ધોરણ ૧૦ અને ૧૨ વિદ્યાર્થીઓ તણાવમુક્ત પરીક્ષા આપી શકશે. જો કે, સ્કૂલો ક્યારે શરૂ થશે તે બાબતે હજી સુધી ગુજરાત સરકારે કોઈ નિર્ણય લીધો નથી. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જાહેરાત કરી હતી કે, વિદ્યાર્થીઓના હિતમાં અભ્યાસક્રમમાં ૩૦ ટકાનો કાપ મૂકવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓ હવે ૭૦ ટકા અભ્યાસક્રમમાં ધ્યાન આપે. કોરોના મહામારી વચ્ચે સરકાર દ્વારા ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા મે મહિનામાં યોજવાનું અને ધો. ૯ અને ધો. ૧૧ની પરીક્ષા જૂન મહિનામાં લેવાનું નક્કી કરવામાં આવ્યું છે. ૨૧મેથી ધો. ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ કરવામાં આવશે.




**આવતીકાલ ૨૦૨૧ નવા વર્ષ ની દર્શકો ને ભેટ સમાન દર રવિવારે વિદેશી ધરતી ઉપર વતન ની યાદો ના લેખન માં અગ્રેસર એવા સાહિત્ય નું ઘરેણું સમાન મૃદુ સ્વભાવ વ્યક્તિત્વ એવા " રાજુલ કૌશિક ' ની કલમે કંડારાયેલ " ગુજરાત નું ગીત સંગીત નું ઘરેણું " અવિનાશ વ્યાસ " વિષયક માહિતી દર્શક લેખ ૧૯૯૬ થી નિયમિત પ્રકાશિત જન ફરિયાદ દેશ વિદેશ.સાપ્તાહિક...તેમજ....૨૦૧૪ થી પ્રકાશિત.ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક ...અને...વેબ ન્યૂઝ પોર્ટલ www.janfariyadnews.com....માં પ્રસિદ્ધ થશે.**

## સ્વર્ણીમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ૩૧ ડિસેમ્બરની ઉજવણી આંગણવાડીના બાળકો સાથે મનાવી



સ્વર્ણીમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ૩૧ ડિસેમ્બર ની ઉજવણી ઉત્રાણ આગણ વાડી ના બાળકો ને ગિફ્ટ ને નાસ્તા નું વિતરણ કરી ને મનાવી હતી

હાલ વિદાય લઈ રહેલ ૨૦૨૦ ના વર્ષ ના કોરોના મહામારી એ પૂરી દુનિયા માં મોતનું તાંડવ રચ્યું હતું તે વિનાશક ભૂતકાળ ભૂલવા ને નવા વર્ષ ને આવકારવા માટે સંસ્થા દ્વારા એક પોગ્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થા ના પ્રમુખ ઘનશ્યામ બિરલા દ્વારા સ્મીમેરના હોસ્પિટલ માં ૯૨ મી વાર રક્તદાન કરીને ૩૧ ડિસેમ્બર ની સાનદાર ઉજવણી કરવામાં આવી હતી તેમજ ઉત્રાણ આંગણ વાડી ના ગરીબ બાળકો ને ગિફ્ટ તેમજ નાસ્તા ના બોક્ષ નું વિતરણ કરવામાં આવ્યું હતું આં વર્ષે કોરોના મહામારી માં આંગણવાડી ઓ બંધ હોવાથી બાળકો માં એક નિરાશા હોય સ્વાભાવિક છે તેથી સંસ્થા દ્વારા આં બાળકો નો ચેહરા પર ખુશી નો એક નાનકડો પ્રયાસ કરવામાં આવ્યો જેમાં આં ભૂલકાં ઓ ને આવી નાનકડી ભેટ ને લંચ બોકસ મેળવી ને જે આનંદ થી જુમી ઉઠ્યા તેજ નવા વર્ષ ની સાચી ઉજવણી કરી હોય તેવું સંસ્થા સાથે જોડાયેલ તમામ મેમ્બરો ને લાગણી થય.

આ પ્રસંગે ઉત્તર પ્રદેશ અલીગઢ આહવાન અખાડા અટલ સાધના આશ્રમ નોઈડા દિલ્હી થી પધારેલ યુવા યોગ ગુરુ મહંત સુકદેવજી મહારાજે આવા સુંદર પ્રોગ્રામ ના આયોજન માટે સંગઠન ના તમામ મેમ્બરો તેમજ પ્રમુખ ઘનશ્યામ બિરલા ને ૯૨ મી વાર રક્તદાન કરીને માનવ જિંદગી બચાવવા બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા

આ કાર્યક્રમ માં સંસ્થા ના કો ઓર્ડીનેર ડો મુકેશ પડ્સાલા નરેશ દેવળીયા હરેશ માંગરોલીયા પિયુષ વેકરીયા દિનેશ વસાણી ઘનશ્યામ પાધરા જયશ્રી પટેલ.ચેતના સોજીત્રા સહિત ના મેમ્બરો એ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો



**બાયડ તાલુકાના ફતેપુરા ગામે ગઈ કાલે ગેસની બોટલ ફાટતા આગ લાગી હતી જેમાં ચાર પરિવારોના મકાનો બળી ને ખાખ થઈ ગયા હતા જેમાં ઘરવખરી સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો ત્યારે બાયડ ના પૂર્વ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા એ પીડિત પરિવારો ની મુલાકાત લીધી હતી અને પરિવારોને રાશનની કિટો આપી હતી તેમજ ધાબળા આપી સહાય કરી હતી.**

### સાંસદ મનસુખ વસાવાનાં રાજીનામાની થઈ અસર

# ઈકોસેન્સેટીવ ઝોનમા આવતા ગામના ખેડૂતોના ૭,૧૨ ઉતારા અને નમૂના ૬ માં જે કાચી એન્ટ્રીઓ તેને રદ કરવાનો નિર્ણય કરાયો

**હવે ફોરેસ્ટ વિભાગ નર્મદા કલેકટરને સૂચના આપશે એ બાદ એન્ટ્રી રદ કરવાની કાર્યવાહી ચાલુ થશે. આવનારી ચૂંટણી મા ઇકો સેંસિટિવ ઝોન મુદ્દે આદિવાસીઓનો વિરોધ ભારે પડે તેમ પણ લાગ્યુ**



રાજપીપળા

ગઈ કાલે સાંસદ મનસુખ વસાવાએ રાજીનામુ આપી દેતા તેનાથી સરકાર હરકત મા આવી ગઈ હતી. રાતોરાત ગાંધીનગરનું તેંડુ આવતા રાજીનામું પાછુ ખેચાવડાવ્યા બાદ સરકારે ઈકોસેન્સેટીવ ઝોનમા આવતા ગામના ખેડૂતોના ૭,૧૨ ઉતારા અને નમૂના ૬ માં જે કાચી એન્ટ્રીઓ તેને રદ કરવાનો નિર્ણય લીધો હતો

નર્મદા જિલ્લાના ૧૨૧ ગામોને ઈકો સેન્સિટિવ ઝોનમાં સમાવેશ કરતા સ્થાનિક આદિવાસીઓમાં વિરોધનો સુર ઉઠ્યો હોઈ.ભાજપ સાંસદ મનસુખ વસાવા પણ ઈકો સેન્સિટિવ ઝોન રદ કરવા અથવા હળવો કરવા રજૂઆત મોદીને રજૂઆત કરી હતી.દરમિયાન મનસુખ વસાવાએ રાજીનામુ ધરી દેતા તેની અસર પડી હતી. મનસુખ વસાવાના રાજીનામાં બાદ ગાંધીનગર ખાતે ઈકોસેન્સેટીવ ઝોન મુદ્દે કેબીનેટ મંત્રી ગણપત વસાવા, દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર, પૂર્વ વનમંત્રી શબ્દશરણ તડવી, નર્મદા જિલ્લા પ્રમુખ ધનશ્યામ પટેલ,ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મોતીભાઈ વસાવા તથા વન અને પર્યાવરણ અધિકારીઓની ઉપસ્થિતમાં એક બેઠક મળી હતી.એ બેઠકમાં ચર્ચાઓ બાદ ઈકોસેન્સેટીવ ઝોનમા આવતા ગામના ખેડૂતોના ૭,૧૨ ઉતારા અને નમૂના ૬ માં જે કાચી એન્ટ્રીઓ તેને રદ કરવાનો નિર્ણય કરાયો છે અને ભવિષ્યમાં આવી કોઈ એન્ટ્રી નહી પાડવામાં આવે એવી ખાત્રી આપી છે એ બેઠકમાં હાજર ડેડીયાપાડાના પૂર્વ ધારાસભ્ય મોતીભાઈ વસાવાએ જણાવ્યું હતું કે શૂલપાણેશ્વર અભયારણ્ય વિસ્તારમાં આવતા નર્મદાના ૧૨૧ ગામોનો ઈકો સેન્સિટિવ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે.અભયારણ્યમાં ૬૨ ગામો જ્યારે ઈકો સિસ્ટમ જાળવવા ૦ થી ૭ કિમિ વિસ્તારના બીજા ગામો ઉમેરાયા છે.

મોતીભાઈ વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે તાલુકા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ આવી રહી છે એટલે ઈકો સેન્સિટિવ ઝોનને વધુ સેન્સિટિવ બનાવવા વિપક્ષ આદીવાસી સમાજમાં ગેરસમજ ઉભી કરે છે.આ બાબતે ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.ઈકો સેન્સિટિવ ઝોન વિસ્તારના કેટલાક ગામોના ખેડૂતોના ૭,૧૨ ઉતારા અને નમૂના નંબર ૬ માં ઈકો સેન્સિટિવ ઝોનની પ્રોહીબીટેડ એન્ટ્રીઓ પાડવા માટે વહીવટીતંત્રએ પ્રયત્ન કર્યો એટલે આ વિવાદ પેદા થયો હતો.ઈકો સેન્સિટિવ ઝોન વિસ્તારમાં આવી એન્ટ્રીઓ પાડવાની કોઈ જોગવાઈ છે જ નહીં.

નર્મદાના જે પણ ગામોમાં આવી એન્ટ્રીઓ પાડવામાં આવી હશે એ એન્ટ્રીઓ રદ કરવા ગાંધીનગર ખાતેની બેઠકમાં નિર્ણય કરાયો છે.હવે ફોરેસ્ટ વિભાગ નર્મદા કલેકટરને સૂચના આપશે એ બાદ એન્ટ્રી રદ કરવાની કાર્યવાહી ચાલુ થશે.એક વ્યવસ્થિત ડ્રાફ્ટ તૈયાર કરી ૧૨૧ ગામોમાં આવી એન્ટ્રીઓ ફરી ન પડે લોકોને હેરાનગતી ન થાય એ માટે પણ તંત્રને સૂચના અપાશે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ઈકો સેન્સિટિવ ઝોન વિસ્તારમાં આવતા ગામોમાં NA પ્રક્રિયા રદ કરવાની તંત્ર હિલચાલ કરી રહ્યું છે, એની સામે પણ લોકોમાં રોષ ફેલાયો છે.જો વર્ષ ૨૦૧૬ પછીની જમીનો NA નહિ થાય એમ સરકાર નક્કી કરે તો જમીનમાં રૂપિયા રોકનારા જમીન માફિયાઓને સલવાવવાનો વારો આવી શકે છે.

તસવીર: જયોતિ જગતાપ,રાજપીપળા

### કેવડિયા કોલોની ખાતે આવેલ

# સરદાર પટેલ ઝૂ લોજિકલ સફારી પાર્કમાં આખા વર્ષ દરમિયાન ૬૧ જેટલા નવા બચ્ચાનો જન્મ્યા

રાજપીપળા,તા.૧

કેવડીયા કોલોની ખાતે આવેલ સરદાર પટેલ ઝૂ લોજીકલ સફારી પાર્કમાં વિવિધ પ્રકારના પ્રાણીઓ પ્રવાસીઓના આકર્ષણ માટે ખાસ રાખવામાં આવ્યા છે. જેમાં હરણ વિભાગમાં ૨૦૨૦ ના આખા વર્ષ દરમિયાન ૬૧ જેટલા નવા બચ્ચા નો જન્મ થતાં હરણ કુળના પ્રાણીઓ નો પરિવાર મોટો થયો છે.અહીં હરણાઓને અહીંનું વાતાવરણ સરસ રીતે માફક આવી ગયું છે.જેમાં વર્ષ દરમિયાન હરણાઓને નવા બચ્ચાનો વધારો થતાં હરણાઓની સંખ્યામાં વધારો થતાં પ્રવાસીઓ તથા કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હરણ વિભાગમા હરણ ની અલગ અલગ જાતો રાખવામા આયી છે. જેમા ચીત્તલ,કારીયાર, સાબર,ચૌસિંગા,ભેખડા, થામીન,ગોરલ,ચિંકારા અને સફેદ કારીયાર એમ અલગ અલગ જાતો હરણ મા ચીત્તલ ના ૦૬, કારીયાર ના ૧૯,સાબર ના ૧૧,ગોરલ ૦૨, થામીન ડિયર ના ૦૧,ચૌસિંગા ના ૦૫, ભેખડુ ના ૦૧, ચિંકારાના ૦૨ અને સફેદ કારીયાર ના ૧૪ મળી કુલ આખા વર્ષ દરમિયાન ૬૧ જેટલા નવા બચ્ચાનો જન્મ થયા હોવાનું જાણવા મળેલ છે.

અહીંના કર્મચારીઓ પ્રાણીઓ સાથે ખૂબ સારી રીતે હળી મળી ગયા છે.જેમાં એનિમલ કીપર હોય તો હરણ વિભાગમાં સોનુ,બોડી,છોટુ વગેરે નામો પણ પાડ્યા છે.

એનિમલ કીપર તડવી અજય ના જણાવ્યા અનુસાર અમુક કેસ મા માદા હરણ પોતાના બચ્ચા ને જન્મ આપી દૂધ પીવડાવવા નજીક આવતી નથી અને બચ્ચા ને છૂટું મૂકી દે છે આવી પરીસ્થિતિ મા કીપરો ધ્વારા આવા બચ્ચા ની વિશેષ કર્જી લેવામા આવે છે અને બોટલ વડે દૂધ પીવડાવી પીવડાવી ને પોતાના છોકરાઓ ની જેમ હરણ ને ઉછેડી રહ્યા છીએ.હરણને સવાર મા નાસ્તા માટે એન્ટીલોપ ફીડ અને ત્યાર બાદ લીલુ ઘાસ અને સાંજે ચણા આપવામા આવે છે. હરણ પરિવારમાં ૬૧ નવા મહેમાનો આવતા હરણાવૃંદ પણ ગેલમાં આવીને બચાવો ને વહાલ કરવા અને સ્તનપાન કરાવતા દ્રશ્યો પણ જોવા મળે છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા



**પટેલ વાડી, બેડીપરા, ભાવનગર રોડ ખાતે સ્વ.શ્રી અભયભાઈ ભારદ્વાજની પ્રથમ માસિક પુણ્યતિથી નિમિતે મેગા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ભારત સરકારના રાષ્ટ્રીય કામધેનુ આયોગના ચેરમેન અને પૂર્વ કેન્દ્રીય મંત્રી તેમજ ૧૨૮ વખત રકતદાન કરનાર ડો. વલ્લભભાઈ કથીરીયા ખાસ ઉપસ્થિત રહયાં હતા અને રકતદાતાઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. તેમજ રાજયસભાના સાંસદ સ્વ.અભયભાઈ ભારદ્વાજને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી.**

**ડો. વલ્લભભાઈ કથીરીયા**

### હિન્દુ યુવા સંગઠન ભારત (સાબરકાંઠા) દ્વારા ઉતરાયણ સુધી

# સાબરકાંઠાના હરેક શહેરો - ગામોમાં ૫૧૦૦ પાણીના કુંડા- ચણ અર્થે ચણિયારૂ મુકવા સંકલ્પ લેવામા આવ્યો



સાબરકાંઠા હિન્દુ યુવા સંગઠન દ્વારા આજરોજ ગાંભોઇ ખાતે દુકાનદારો, આસ પાસ ના ગામો માં રહેવાસીઓ ને પાણી ના કુંડા અને ચણિયારૂ આપવામાં , હિન્દુ યુવા સંગઠન ઉ,ગુજરાત અધ્યક્ષ ભૃગુવેન્દ્રસિંહ કુંપાવત દ્વારા જણાવવામાં આવ્યું કે દાન અને પુણ્ય નો મહિમા ધરાવતો વર્ષનો શ્રેષ્ઠદીવસ એટલે ઉતરાયણ, આગામી દિવસો માં ઉતરાયણ સુધી સાબરકાંઠા જિલ્લા ના ગામ અને શહેર માં ૫૧૦૦ પાણી ના કુંડા- ચણ અર્થે ચણિયારૂ મુકવા માં આવશે

સાબરકાંઠા પ્રમુખ સર્વિનભાઈ પટેલ દ્વારા જિલ્લા માં ઝડપી અને સરળ રીતે વિતરણ માટે તાલુકા વાઈસ કમિટી બનાવવામાં આવી, ગાંભોઇ ખાતે આ કાર્ય તાલુકા પ્રભારી મુકેશ સિંહ રાઠોડ, ગાંભોઇ પ્રમુખ ગોપાલ સિંહ રાઠોડ, મહામંત્રી વિરલ ભાઈ પ્રજાપતિ, ઉપ પ્રમુખ ઉમંગભાઈ સુખડીયા , સંગઠન મંત્રી વિરેન્દ્રસિંહ પરમાર, પ્રકાશભાઈ પરમાર, શ્રવણભાઈ રાવ, અને અન્ય કાર્યકર્તા હાજર રહ્યા હતા,

આ કાર્ય મા રાજપૂત સમાજ અગ્રણી ઉપેન્દ્રસિંહ સોલંકી, હિંમતનગર પ્રમુખ પ્રતિકભાઈ પટેલ, મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

## બાસણ ગામની મુલાકાત લઇ મેયરશ્રીએ લોકોના પ્રશ્નો ઉકેલવાની ખાતરી આપી




ગાંધીનગર:

ગાંધીનગર મહાનગર પાલિકામાં સમાવવામાં આવેલા બાસણ ગામની મુલાકાત મેયરશ્રી રીટાબેન પટેલે લીધી હતી. ગામની સરકારી શાળામાં યોજવામાં આવેલા લોકસંવાદ દરમિયાન મેયરશ્રીએ ગામના આગેવાનો અને નાગરિકો સાથે વાતચીત કરવાની સાથે તેમની સમસ્યાઓ અને પ્રશ્નો અંગે ચર્ચા કરીને તેના ક્રમસર ઉકેલ લાવવાની ખાતરી પણ આપી હતી. મેયરશ્રીએ અહી ગ્રામજનોને જણાવ્યુ હતું કે ગામમાં પાણી, ગટર, રસ્તા, સ્ટ્રીટલાઈટ, શાળાનું નવીનીકરણ સહિત તમામ સુવિધાના આયોજન હાથ ધરવામાં આવ્યા છે અને નજીકના ભવિસ્યમાં લોકોને આ સુવિધાઓનો લાભ મળતો થશે.

## અરવલ્લી એલસીબી પોલીસનો સપાટો : બે નાસતા-ફરતા આરોપીઓ,બે બાઈક પરથી દારૂ ઝડપ્યો



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા એલસીબી પોલીસ સતત જીલ્લામાં ગુન્હાખોરી અટકાવવા,નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અને પ્રોહિબિશન અને જુગાર વરલી-મટકાની બદીને નાથવા દોડાદોડી કરી રહી છે એલસીબી પોલીસે બાયડ પોલીસ સ્ટેશનના અપહરણના ગુન્હાના આરોપી અને ભોગ બનનાર,હિંમતનગર અને શામળાજી પોલીસ સ્ટેશનના પ્રોહિબિશનના ચાર વર્ષથી થાપ આપતા બુટલેગર,બાઈક પર દારૂની ખેપ મારનાર જીલ્લાના બે બુટલેગર અને અમદાવાદના માધવપુરા વિસ્તારમાંથી અપાચે બાઈક ચોરી કરનાર બાઈકચોરને દબોચી લઈ સપાટો બોલાવી તમામ આરપીઓને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા

માંથી સગીરાનું અપહરણ કરનાર વારેણા ગામના જયદીપસિંહ ઉર્ફે જયેશ ફતેસિંહ ડાભીને છેલ્લા ચાર વર્ષથી ભોગ બનનાર સાથે ફરાર હતો બાતમીના આધારે મોડાસા બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી લઈ બાયડ પોલીસને સુપ્રત કર્યો હતો શામળાજી અને હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનના ગુન્હામાં ચાર વર્ષથી ફરાર રાજસ્થાન ખેરવાડાના ઉખેડી ગામના બંસીલાલ નેમાભાઈ ખરાડીને શામળાજી આશ્રમ ચોકડી પાસેથી દબોચી લીધો હતો

એલસીબી ટીમે શામળાજી નજીક રાજસ્થાનથી બાઈક પર વિદેશી દારૂની બોટલ નંગ-૧૨ કોથળમાં ભરી ખેપ મારી રહેલા ધનસુરાના સુનીલ દીપકભાઈ કોટવાળને ઝડપી પાડી તેમજ માલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી જીતપુર ચોકડી પર કોથળામાં વિદેશી દારૂ ભરી ખુલ્લેઆમ વેચાણ કરી રહેલા મનોજ રમણભાઈ મારીવાડને દબોચી લઈ પ્લાસ્ટિકની થેલીમાં વેચાણ અર્થે રાખેલ ક્વાંટરીયા નંગ-૧૩ જપ્ત કરી બંને બુટલેગરો પાસેથી મળેલ વિદેશી દારૂ અને બાઈક મળી કુલ.રૂ.૫૯૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

## હું ૨૦-૨૦ રમવા આવ્યો છું, ત્રણેય વખત સદી ફટકારી : રૂપાણી

રાજકોટ,તા.૧

વિધાનસભાની ચૂંટણીને લઈને સીએમ રૂપાણીએ પડકાર ફેંક્યો હતો અને જણાવ્યું હતુ કે હું ૨૦૨૦ રમવા આવ્યો છું અને ત્રણેય વખત મે સદી ફટકારી છે. રાજકોટમાં આજે 'લાઈટ હાઉસ' પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. ૧૧૮ કરોડના ખર્ચે 'લાઈટ હાઉસ' પ્રોજેક્ટનું નિર્માણ થશે. ઈડબલ્યુએસ ૨ પ્રકારના ૧૧૪૪ આવાસ બનાવવામાં આવશે. ૬ અલગ અલગ ટેક્નોલોજી દ્વારા આવાસ બનાવાશે. રાજકોટમાં રૈયા સ્માર્ટ સિટી વિસ્તારમાં આવાસ બનાવાશે. સીએમ વિજય રૂપાણી કાર્યક્રમ સ્થળ પર હાજર રહ્યા હતા. અને તેમણે રાજ્યને સંબોધન કર્યુ હચુ. વિધાનસભાની ચૂંટણીને લઈને સીએમ રૂપાણીએ પડકાર ફેંક્યો હતો અને જણાવ્યું હતુ કે હું ૨૦-૨૦ રમવા આવ્યો છું અને ત્રણેય વખત મે સદી ફટકારી છે. ટીપી સ્કીમ બનતી નહતી ત્યાં મેં ભ્રષ્ટાચાર વગર વિકાસની હરણફાળ ભરી છે. હું કહું કે હું ૨૦-૨૦ રમવા આવ્યો છે. ૩૦૦ ટીપી સ્કીમ ૩ વર્ષમાં. મેં ત્રણેય વર્ષમાં સદીઓ મારી છે. લાઈટ હાઉસ પ્રોજેક્ટનું ખાતમૂહુર્ત કરવામાં આવ્યુંછે. નવા વર્ષે વડાપ્રદાન મોદી એ ગુજરાતને ભેટ આપી છે. રાજકોટ સહિત ૬ શહેરોમાં શરૂઆત કરવામાં આવી છે. ઈડબલ્યુએસ-૨ પ્રકારના મકાનો ટેક્નોલોજીથી સજ્જ હશે. રાજકોટના રૈયા વિસ્તારમાં પ્રોજેક્ટ આકાર પામશે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.